# श्री कृष्ण प्रणामी धर्म पत्रिका

શ્રી કૃષ્ણ પ્રણામી ધર્મ પત્રિકા



श्रीकृष्ण जन्माष्टमीकी मंगलमय शुभकामनायें

अगस्त २०११

वर्ष ८३ | श्री ५ नवतनपुरी धाम, जामनगर | अंक ८

www.krishnapranami.org



श्री कृष्ण प्रणामी धर्मके कर्मठ सन्त एवं श्री कृष्ण प्रणामी मूलमिलावा तथा
श्री प्राणनाथ हस्पिटल सुरतके संस्थापक स्वामी श्री तारतम ज्योतिजी महाराजके
धामगमनोपरान्त आयोजित अन्तिम यात्रा एवं प्रार्थना सभाके विविध दृश्य ।



श्री कृष्ण प्रणामी मन्दिर अहमदाबादमें आयोजित त्रि-दिवसीय सत्संग
समारोहमें आशीर्वाद देते हुए परम पूज्य आचार्य महाराजश्री ।



शिकागो अमेरिकामें आयोजित अखण्ड पारायण एवं सत्संगमें सुन्दरसाथको
आशीर्वाद देते हुए परम पूज्य आचार्य महाराजश्री ।

# શ્રી કૃષ્ણ પ્રણામી ધર્મ પત્રિકા


સંસ્થાપક : બ્રહ્મલીન આચાર્ય શ્રી ૧૦૮ ધનીદાસજી મહારાજ

વિ.સં ૨૦૬૭ નિજાનન્દાબ્દ : ૪૨૯ બુદ્ધજી શાકે : ૩૩૪

વર્ષ ૮૩ ઑગષ્ટ ૨૦૧૧ અંક : ૮

મુદ્રક, પ્રકાશક તેમજ સ્વામિત્વ } જગદ્‌ગુરુ આચાર્ય શ્રી ૧૦૮ કૃષ્ણમણિજી મહારાજ

મુદ્રણ તેમજ પ્રકાશન સ્થળ } શ્રી ૫ નવતનપુરી ધામ- ખીજડા મંદિર જામનગર - ૩૬૧ 001 (ગુજરાત) ભારત

સંપાદક : શ્રી કનકરાય વ્યાસ *તથા* સ્વામી શ્રી લક્ષ્મણ ચૈતન્ય

વાર્ષિક શુલ્ક રૂા.૧૦૦/- | ૧૫ વર્ષીય શુલ્ક રૂા.૧૦૦૦/-



સરનામું : શ્રી કૃષ્ણ પ્રણામી ધર્મ પત્રિકા, શ્રી ૫ નવતનપુરી ધામ, ખીજડા મન્દિર જામનગર - ૩૬૧ ૦૦૧ ( ગુજરાત)

ફોન : (૦૨૮૮) ૨૬૭૨૮૨૯ : ફેક્સ (૦૨૮૮) ૨૫૫૧૩૫૩

**E-mail : navtanpuri@gmail.com /& navtanpuri@krishnapranami.org**

**Website : www.krishnapranami.org / www.krishnadhamusa.org**


## રાધા અષ્ટમી

**પરમધામ, વ્રજ, રાસ તેમજ જાગની લીલામાં શ્રી રાધાજીનું વિશેષ મહત્ત્વ છે. તેઓ આ ભૂતલપર અવતરિત થયા તે દિવસ ભાદ્ર શુક્લ અષ્ટમીનો દિવસ છે. શ્રી ૫ નવતનપુરી ધામમાં આ પાવન પર્વ ભવ્ય રૂપે ઉજવવામાં આવે છે. શ્રી કૃષ્ણ પ્રણામી ધર્મના અન્ય મંદિરોમાં પણ આ પર્વ ખૂબ જ ઉત્સાહપૂર્વક ઉજવાય છે. રાધા એ પ્રેમની ધારા છે, જેમના પ્રાગટ્યોત્સવના માધ્યમથી આપણા જીવનમાં પણ પ્રેમ પ્રગટ થાય અને જીવન સફલ બને એ શુભકામના પાઠવીયે છીએ.**

**આ વર્ષે રાધા અષ્ટમી તા. ૦૫-૦૯-૨૦૧૧ ના રોજ મનાવવામાં આવશે. શ્રી ૫ નવતનપુરી ધામ તરફથી સર્વે સુંદરસાથજીને રાધાષ્ટમીની શુભકામના.**

# માનવતા શ્રેષ્ઠ ધર્મઃ

## બ્રહ્મલીન જગદ્‌ગુરુ આચાર્ય શ્રી ૧૦૮ ધર્મદાસજી મહારાજ

આ ચરાચર જગત માનવ ધર્મથી વ્યાપ્ત છે. જગતની એવી કોઇ વસ્તુ નથી કે જેનો સ્વતંત્ર ધર્મ ન હોય. ચોરાસી લાખ યોનિઓમાં પણ માનવ સર્વ શ્રેષ્ઠ છે. કારણ કે તે જ્ઞાનવાન છે. આ કારણે શુભાશુભ કર્મનું કેન્દ્ર સ્થાન પણ માનવ જ રહે છે. શાસ્ત્રોમાં અશુભ કર્મના દંડનો ભાગીદાર પણ માનવને જ કહેલ છે. માનવ યોનિ કર્મયોનિ છે જ્યારે મનુષ્યેત્તર યોનિઓ ભોગ યોનિ છે. ધર્મની સૃષ્ટિ સાથે જ માનવ જીવનનો પ્રાદુર્ભાવ થયેલ છે. સંપૂર્ણ વિશ્વને માટે માનવતા શબ્દ તો સમાન જ રહે છે. પછી ભલે આપણે તેને માનવ સભ્યતા કહીએ યા સદાચારની સંહિતા કરીએ અગર તો શિષ્ટાચારનું સૂત્ર કહીએ અથવા તો માનવતા એ નામના મૂળ તત્ત્વના સ્વરૂપે તેને ઓળખીએ. પરંતુ એ તત્ત્વને જ ધર્મ એવું દિવ્ય નામ આપવામાં આવેલ છે. એક રીતે વિચારીએ તો વર્તમાન સમયમાં માનવજાતિ અત્યન્ત કટોકટીના કાળમાંથી પસાર થઇ રહી છે અને જો બીજી રીતે વિચારીએ તો માનવ જાતિને વિકસિત કરવા માટે, ધાર્મિક, નૈતિક, સામાજિક, રાજકીય ક્ષેત્રે વિચારોનો અને ભાવનાઓનો ફેલાવો થવા લાગ્યો છે. આમ છતાં પણ વાસ્તવિક વિકાસની રીતે જો આપણે વિચારીએ તો માનવતાના પરમ વિકાસ માટે નિરંતર વહેતો સ્રોત તો ફક્ત ધર્મ જ છે. સમજી શકાય એ રીતે કહું તો શ્રુતિ-સ્મૃતિ અને મહાપુરુષો વડે જેનું પ્રતિપાદન કરવામાં આવેલ છે તે માર્ગનું અનુસરણ, સદાચાર પાલન, પ્રત્યેક જીવ સાથે સ્નેહ, સદ્‌ભાવ, તથા કાયિક, વાચિક અને માનસિક પવિત્રતાયુક્ત આચરણ કરવું એ જ પરમ માનવ ધર્મ છે. તેને જ માનવતાના બીજા નામથી સંબોધવામાં આવે છે.

ભારતીય સંસ્કૃતિના સામાન્ય રીતે બે વિભાગ પાડી શકાય. આધ્યાત્મિક અને આધિભૌતિક. આધ્યાત્મિકતામાં એકાકાર થઇ જવું એ જ મનુષ્યનું અંતિમ ધ્યેય છે. ભૌતિકતામાં આત્મા પરમાત્માને સ્થાન નથી. બુદ્ધિથી પર રહેલા અનંત તત્ત્વના અસ્તિત્વનો એમાં સ્વીકાર નથી. આ ભૌતિકતાના અનુયાયીઓનું દૃષ્ટિબિંદુ વિશેષ રીતે ઐહિક ક્ષેત્રમાં કેન્દ્રિત થયેલું હોય છે. આ દુનિયાને સ્વર્ગ બનાવી તેમાં જ રચ્યા પચ્યા રહેવામાં તેઓ માને છે. આજના આ ભૌતિકવાદના યુગમાં મુદ્દાનો પ્રશ્ન એ

રહે છે કે જો મનુષ્ય મનુષ્યની સાથે સદ્વ્યવહારનું આચરણ નહીં શીખે તો બહુ થોડા જ સમયમાં તેઓ પરસ્પરની ખાઇઓ ખોદીને તેમાં પુરાય જશે કારણ કે અર્વાચીન સમયનું શિક્ષણ માનવને માનવતા તરફ ન લઇ જતાં દાનવતાની તરફ અગ્રેસર કરી રહ્યું છે. ધર્મવિહીન માનવ વડે થયેલું અણુ શસ્ત્રોનું નિર્માણ જાણે માનવ-ધર્મ સમાપ્ત કરવા માટે કટિબદ્ધ બન્યું હોય એવી પ્રતીતિ આપણને સૌને થઇ રહી છે. સંસારની પ્રત્યેક વ્યક્તિ જ્યારે એક જ પરમાત્માની સંતતિ છે તો પછી સમગ્ર પૃથ્વી વિશાળ પરિવાર જ બની રહે અને એમાં વળી પરસ્પર યુદ્ધનો પ્રશ્ન જ ક્યાં ઊઠે છે ?

માનવતા માનવ માત્રનો મૂલ મંત્ર છે. સૌ સાથે સ્નેહથી રહેવાનો પ્રથમ પાઠ માનવ ધર્મ જ શીખવે છે. માનવતા વસ્તુતઃ મનુષ્ય માત્રનો ધર્મ છે. ''**वसुधैव कुटुम्बकम्**'' ની ઉદાત્ત ભાવનાથી પૂર્ણ આ ભારતીય ઉચ્ચ આદર્શમાં જાતિ, વર્ણ, ધર્મ,સંપ્રદાય દેશ વગેરેની વિભિન્નતાને સ્થાન નથી. માનવતાના આદર્શ માટે માનસિક-ભૂમિકા અત્યન્ત ઉંચે હોવી જરૂરી છે. માનવતાના પાલન-પોષણમાં જીવનની વાસ્તવિકતાનું શુદ્ધ સ્વરૂપ નિહિત છે. માનવતાના વિકાસ વિના કોઈ દેશની સભ્યતા કે સંસ્કૃતિ સાચો વિકાસ પામી શક્તિ નથી. માનવ જીવનની ઉપયોગિતા એમાં જ છે કે મનુષ્ય વિકાસની સાથે સાથે અખિલ વિશ્વના લોકો સાથે સુખ-શાંતિ અને પ્રેમથી રહે. પ્રાણી માત્રમાં રહેલો આત્મા એ પરમ પિતા પરમેશ્વરનો જ અંશ છે. દરેકમાં એક જ જગન્નિયંતાનું પ્રતિબિમ્બ દેખાય છે આવી સમજપૂર્વકની ભાવના સાથે મનુષ્યે મનુષ્ય સાથે પ્રેમ આદર અને સદ્ભાવનો વ્યવહાર રાખવો ઘટે આ સદ્વ્યવહાર થકી જ આન્તરરાષ્ટ્રીય, રાજનૈતિક, સામાજિક તેમજ સાંસ્કૃતિક ભાવનાઓનો સાચો વિકાસ થઈ શકે છે.

''**सर्वे भवन्तु सुखिनः सर्वे सन्तु निरामयाः**'' । આ સર્વવિધ માંગલ્યના આચરણમાં જ શાસ્ત્રકારોએ વાસ્તવિક રીતે માનવતાનું નિરૂપણ કર્યું છે. મહર્ષિ વ્યાસજી સત્યનો ઉદ્ઘોષ કરતા કહે છે.

**श्रूयतां धर्मसर्वस्वं श्रुत्वा चैवावधार्यताम् ।**
**आत्मनः प्रतिकूलानि परेषां न समाचरेत् ॥**

સંપૂર્ણ માનવ-ધર્મનું તત્ત્વ એક જ છે કે જે આપણને પ્રતિકૂળ લાગે (સારું ન લાગે) એવું આચરણ બીજા પ્રત્યે આપણે ન કરવું જોઇએ. આવી વ્યક્તિ માનવતાને પોતાનો ધર્મ બનાવી શકે છે. માનવ-ધર્મ અર્થાત્ માનવતાની પ્રાપ્તિ માટે સંયમ, વિવેક, આધ્યાત્મિકતા અને નૈતિકતાનું પરમ બળ હોવું આવશ્યક છે.

પ્રાચીન તથા અર્વાચીન સંત-મહાત્માઓએ માનવધર્મની રક્ષા અને તેની પ્રગતિ માટે આ પૃથ્વીમાં આવીને, વિવિધતાભર્યાં વિધાનો કર્યાં અને તેના પ્રચાર માટે પુરુષાર્થ પણ કર્યો છે. એ મહાપુરુષોએ કોટિશઃ માનવોના ઉદ્ધાર માટે એક માત્ર માનવ ધર્મનો જ પ્રચાર કર્યો. લોકકલ્યાણ અને લોકસંગ્રહને માટે એક જ શ્રેયસ્કર માર્ગ પ્રતીત થાય છે અને એ માર્ગ છે માનવીય ધર્મનો વિકાસ અને તેનું પૂર્ણતઃ પરિપાલન.

અનંત શ્રી મહાપ્રભુ પ્રાણનાથજી, સ્વામી રામકૃષ્ણ પરમહંસ, સ્વામી વિવેકાનંદ, સ્વામી રામતીર્થ આદિ મહાપુરુષોએ માનવ ધર્મ અર્થાત્ બીજા શબ્દોમાં કહું તો માનવતાના પ્રચાર સાથે માનવ સેવાર્થે પોતાનું જીવન સમર્પી દીધું. દેશદેશાન્તરમાં પરિભ્રમણ કરી માનવ જગતને કલ્યાણનો માર્ગ ચીંધીને તે પથ પર ચાલવાનો પૂર્ણ આગ્રહ કરી માનવ ધર્મનું આપણા માટે નિરૂપણ કરી આપેલ છે. તેઓએ એક જ ઉપદેશ આપ્યો કે પરમ પિતા પરમાત્માના દરબારમાં માનવ માત્ર સમાન છે અને દરેકે છલ, કપટ, પાખંડ, અભિમાન વગેરે છોડીને પ્રેમભાવથી રહેવું જોઇએ. કોઇની સાથે ભેદભાવ ન રાખવો. જ્યાં ભેદની દુનિયા ખડી થાય છે, ત્યાં ભય ઉત્પન્ન થાય છે. જ્યાં ભેદ છે ત્યાં જ ભય છે. માટે ભયથી મુક્ત રહો.

વર્તમાન સમયમાં જોઈએ તો માનવ એક પ્રકારની દુઃખી અવસ્થામાં અર્થાત્ દુઃખગ્રસ્ત થતો જાય છે. તેનું કારણ છે સંયમ અને માનવ ઉચિત યોગ્યાયોગ્ય વિવેક શક્તિનો અભાવ. આપણા શાસ્ત્રકારોએ કહ્યું છે કે ૮૪ લાખ યોનિમાં એક માત્ર મનુષ્ય યોનિ જ એક એવી યોનિ છે કે જેના દ્વારા પરમાત્માની પ્રાપ્તિ થઈ શકે છે. માનવ જીવનની મહત્તા દર્શાવતાં મહામતિ શ્રીપ્રાણનાથજીએ વાણીમાં કહ્યું છે કે,

**सखीरी जान बूझ क्यों खोइए, ऐसा अलेखे सुख अखण्ड ।**
**सो जाग देख क्यों भूलिए, बदले सुख ब्रह्माण्ड ॥**

**कै कोट राज वैकुण्ठके, न आवे इतके खिन समान ।**
**सो जनम वृथा जात है, कोई चेतो सुबुध सुजान ॥**

**एक खिन न पाइए, सिर साटें, कै मोहोरों पदमों लाख करोड ।**
**पल एक जाए इन समेकी, कछू न आवे इनकी जोड़ ॥**

**इन समे खिनको मोल नहीं, तो क्यों कहूं दिन मास बरस ।**
**सो जनम खोया झूठ बदले, पीउसों भई ना रंग रस ॥**

**सुख अखंड अक्षरातीत को , इन समे पाइएत हैं इत ।**
**कहा कहूं कुकरम तिनके, जो माहें रेहेके खोवत ।।**

**(કિરંતન પ્ર. ૭૮/૧ થી ૪/૬)**

વાસ્તવિકતાથી જોઇએ તો વિચારવાન માનવને એક વિચાર આવે કે શું માનવ જીવનમાં માનવતાની ઉપયોગિતા ખરી ? તેના જવાબમાં ના, ન કહેવી એ જ અત્યુત્તમ છે. કારણ કે માનવતા મનુષ્યની યાદને અમર બનાવે છે. માનવને તેના યથાર્થ સ્વરૂપનું જ્ઞાન કરાવે છે. માનવને દિવ્ય ગુણો પ્રદાન કરી પરબ્રહ્મનું સાન્નિધ્ય સમર્પે છે. માનવીય સમાજમાંથી જો માનવતાને આપણે પૃથક્ કરી લઇશું તો આપણા માટે બાકી શું રહેશે ? કાંઇ નહીં ફક્ત પશુઓનો સમૂહ જ.

આપણા પૂર્વજોએ માનવતાના પ્રત્યેક અંગને પોતાના દૈનિક જીવનમાં આચરણ વડે ચરિતાર્થ કરી જનકલ્યાણની ઉદાત્ત ને અનુપમ સુવાસ પ્રસરાવી હતી. આપણું પણ ઋણ સાથે કર્તવ્ય છે કે આ માનવતાની સૌરભથી પૂર્ણ એવા માનવીય ગુણોને આપણે અપનાવીએ અને તેનું આચરણ કરી માનવ જીવનનું સાફલ્ય સિદ્ધ કરી લઈએ અને પ્રણામપૂર્વક પ્રાર્થીએ કે પરબ્રહ્મ પરમાત્મા શ્રીકૃષ્ણજી આ જગત ઉપર માનવતા રૂપી અમૃત વર્ષાવી રહી સુખ શાંતિ સાથે આધ્યાત્મિકતાથી પૂર્ણ માનવતાના સુખની પુનઃ પ્રતિષ્ઠા કરી રહે.

**[બ્રહ્મલીન આચાર્યશ્રીની ૧૯ મી પુણ્યતિથિ પ્રસંગે પ્રણામ]**

# પોરબંદર મંદિરમાં વીતક કથા

સ્વામી શ્રી લાલદાસજીની જન્મભૂમિ પોરબંદર મુકામે શ્રી કૃષ્ણ પ્રણામી મંદિરમાં પ્રતિવર્ષે સાપ્તાહિક વીતક કથાનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે વીતક કથાની ચર્ચા શ્રી ચંદન શાસ્ત્રીજીએ પોતાની સુમધુર, સરળ વાણીમાં સ-રસ રીતે કરીને સુંદરસાથજીને ભક્તિ રસથી તરબોળ કર્યા. પોરબંદરની આસપાસના સુંદરસાથે બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી ધર્મલાભ લીધો. પૂર્ણાહુતિ પ્રસંગે તા. ૨૬-૭-૨૦૧૧ ને મંગળવારના રોજ શ્રી કૃષ્ણ પ્રણામી ધર્માચાર્ય શ્રી ૧૦૮ કૃષ્ણમણિજી મહારાજે ઉપસ્થિત રહી આશીર્વચન પ્રદાન કર્યા. ભાદરકાંઠા વિસ્તારનો આ ઓચ્છવ ખૂબ જ સારી રીતે સુંદરસાથજીના સહયોગથી સંપન્ન થયો. કાર્યકર્તાઓને ધન્યવાદ.

# વીતક યાત્રા

## સ્વામી શ્રી લક્ષ્મણ ચૈતન્ય-શ્રી ૫ નવતનપુરી ધામ

**(ગતાંક પૃષ્ઠ ૧૧... થી આગળ......)**

**શ્રી કૃષ્ણ દર્શન માટે ભગવાન ભોલેનાથ :** હું જેમની એક ઝલક મેળવવા માટે તપસ્યા કરું છું એવા મારા ઈષ્ટ તથા આધાર પરબ્રહ્મ પરમાત્મા લીલા માટે વ્રજ-ગોકુલમાં પ્રગટ થયા છે. કૈલાશ ધામના ગિરિશિખર પર ધ્યાનસ્થ ભોલેબાબાને જ્યારે એવો આભાસ થયો કે તેઓ તરત જ પોતાના આસન ઉપરથી ઊભા થઈ ગોકુલ તરફ પ્રસ્થાન કર્યું. બાબાને પ્રસ્થાન કરતાં જોઈ માતા પાર્વતીજીએ પૂછ્યું, અરે સ્વામી ! શું વાત છે ? આજે કસમયે ધ્યાન છોડી આટલા ઉતાવળા થઈ, લાગે છે કે ક્યાંક દૂરની યાત્રા કરવા માટે જઈ રહ્યા છો. બાબા મનોમન વિચાર કરવા લાગ્યા. અરે ! હવે મારે શું કરવું અને કેવી રીતે જણાવવું ? એમને સાચું કહીશ તો પ્રશ્નોની ઝડી વરસાવી દેશે. આમ પણ સ્ત્રીઓનો સ્વભાવ હોય છે પ્રશ્નો પર પ્રશ્નો કરતાં રહેવાનો. જો સાચું કહીશ તો સવાલ કરશે, સવાલ થશે તો જવાબ પણ આપવો પડશે. આમને આમ પ્રશ્નો-જવાબ ચાલતા રહેશે તો...ના, ના મારે કંઈ બતાવવું નથી. જો કહેવા બેસીશ તો મારા આધારના દર્શન માટે વિલંબ થશે.

ભોલેબાબાએ મનોમન પોતાના આધાર શ્રી કૃષ્ણને પ્રાર્થના કરી કે હે પ્રભુ ! હવે આપ જ કંઈક કરો અને મને આપના દર્શનનો અવસર પ્રદાન કરો. માતા પાર્વતી ઘણો વખત સુધી બાબાની સામે બોલતી રહી પરંતુ ભોલેબાબાએ જવાબ ન આપ્યો ત્યારે મન મનાવીને પોતાના કાર્યોમાં વ્યસ્ત થઈ ગયા. બાબાએ મનોમન કહ્યું, **ધન્ય છે ગિરિજાકુમારી, તુમ્હ સમાન નહિ કોઉ ઉપકારી।** તમે સમજી વિચારીને મને સહયોગ કરી રહ્યા છો. સમય જોઈને શીઘ્ર ભોલેબાબાએ ગોકુલ તરફ પ્રસ્થાન કર્યું.

શ્રી કૃષ્ણ પ્રાકટ્યના ચોથા દિવસે અર્થાત્ દ્વાદશીના દિવશે બાબા ભોલેનાથે ગોકુલ પહોંચીને જોયું તો સર્વત્ર આનંદ જ આનંદ છે. બધા નર નારીઓ **નંદ ઘેર આનંદ ભયો જય કન્હૈયા લાલકી** ગાતા મસ્તીથી નાચતાં હતાં. બાબાએ મનોમન વિચાર્યું કે મને કન્હૈયાના દર્શન કેવી રીતે થશે ? મારું સ્વરૂપ પણ તો અનોખું છે. મને જોઈ લોકો ડરી જાય છે. એવામાં જો મૈયા યશોદા પણ ડરી જશે તો હું દર્શનથી વંચિત રહી જઈશ. આથી આ રૂપને હું જરા બદલી નાખું. ભોળાનાથ શિવજી ગોકુલના

ચોકમાં ઊભા રહી મનમાં એવો વિચાર કરતાં હતા એવામાં બે-ચાર ગોપીઓએ બાબાને જોયા. ગોપીઓને જિજ્ઞાસા થઈ કે ક્યારેય ન જોયેલા આ નવા બાબા કોણ છે ? લાગે છે કે તેને જ્યાં જવું છે ત્યાંના રસ્તાની ખબર નથી. ગોકુળમાં આમ તો અનેક સાધુ મહાત્માઓનું આવાગમન ચાલતું રહે છે પરંતુ આજ સુધી ડર લાગે એવા ભેષધારી બાબાને ક્યારેય જોયા નથી. ચાલો જઈએ બાબાની પાસે, આમ કહી ગોપીઓ બાબાની નજીક પહોંચી ગઈ. નજીક પહોંચતા ગોપીઓના પગ એકાએક થંભી ગયા. કેમકે બાબાનો વેશ જ એવો હતો પરંતુ એમની અંદર વિદ્યમાન સત્ય, પ્રેમ, કરુણા, કાંતિ, શાંતિ તથા પ્રસન્નતા તેમની મુખમુદ્રા પર સ્પષ્ટ રૂપે દેખાતી હતી. આથી ગોપીઓને તેઓની નજીક જતાં કોઈ મુશ્કેલી ન થઈ. નજીક પહોંચતા તેઓનું સામીપ્ય સાનિધ્ય ગોપીઓને શીતલતા રૂપ લાગ્યું. બાબાની નજીક જઈ ગોપીઓએ પૂછ્યું, આપ કોણ છો ? ક્યાં જઈ રહ્યા છો ? શું અમે આપની મદદ કરી શકીએ ? ભોલેબાબા અસમંજસમાં પડી ગયા હવે હું આમને શું જવાબ આપું ? કોઈપણ રીતે મારે મારા કન્હૈયાના દર્શન કરવા છે. બાબાએ કહ્યું દેવીઓ, હું ત્રિકાળદષ્ટા સિદ્ધ યોગી છું. યોગી અને ત્રિકાળદષ્ટા ? ગોપીઓ ચૌક ગઈ. કહેવા લાગી, બાબા ! તો આપ યોગબળથી ભૂત ભવિષ્ય તથા વર્તમાન બધું જ જોઈ શકો છો ? બાબાએ કહ્યું હાં, બિલકુલ. ત્યારે ગોપીઓએ કહ્યું આપ અમારા કન્હૈયા....? બાબાએ પૂછ્યું કોણ કન્હૈયા, આ કન્હૈયો છે કોણ ? ત્યારે ગોપીઓએ પૂરી વાત કહી જણાવ્યું કે આપ અમારા કન્હૈયાનું પણ ભૂત ભવિષ્ય તથા વર્તમાન જુઓ ને.

ગોકુલના દરેક નર-નારીઓ ફક્ત કન્હૈયાના જ વિષયમાં વિચારે છે, તેમનું ભવિષ્ય કેવું હશે. આ જાણવાની ઉત્કંઠા દરેકમાં રહેતી હતી. સમય જોઈને ગોપીઓએ પણ બાબાની પાસે એ જ ઉત્કંઠા પ્રગટ કરી. ભોલેબાબાએ વિચાર્યું કે આ જ સાચો મોકો છે, મારા આધારના દર્શન કરવાનો. ચાલો, ત્યારે મને કન્હૈયાની પાસે લઈ જાવ.

બાબાની સ્વીકૃતિ મેળવી કેટલીક ગોપીઓ તેમની સાથે ચાલવા લાગી તો કેટલીક યશોદાજીને શીઘ્ર સમાચાર આપવા ઉતાવળી થઈ નંદભવનની તરફ દોડવા લાગી. મૈયા યશોદા પોતાના લાલાને પારણાંમાં સુવાડીને ગૃહકાર્યમાં લાગેલા હતાં. ગોપીઓ નંદભવનમાં પ્રવેશ કરતી એકી અવાજે કહેવા લાગી મૈયા ! ગામમાં એક સારા ત્રિકાળદષ્ટા યોગી આવ્યા છે. તેઓ ભૂત, ભવિષ્ય તથા વર્તમાન બધું જ જાણે છે. તેઓ જોવામાં સાચા લાગે છે, સારા લાગે છે. ગોપીઓ આ રીતે બોલતી

રહી....વચ્ચે એને રોકી કહ્યું કે હું શું કરું ? મને શા માટે સંભળાવી રહી છો. ગોકુળ તો ગાયોની ભૂમિ છે આથી આ સ્વયં પુણ્યસ્થળી છે, અહીં સંત-મહાત્માઓ આવતાં જતાં રહે છે એમાં કઈ નવી વાત સંભળાવી રહી છો ? યશોદાએ કહ્યું, નહીં મૈયા આ બીજાથી અનોખા છે અને તેઓને અમે અહીં બોલાવ્યા છે. તેઓ બસ આવતાં જ હશે. તેઓ ખૂબ સારા ભવિષ્યવેત્તા છે. યશોદાએ કહ્યું ભવિષ્યવેત્તા ? હશે પણ મને વારંવાર શા માટે કહી રહી છો ? ગોપીઓએ કહ્યું મૈયા એમને આપણા લાલાનું ભવિષ્ય બતાવોને. યશોદાજી કહેવા લાગ્યા. અરે, ગોપીઓ! તમે લોકો તો કાંઈ ને કાંઈ નવી વાતો લઈને આવો છો. ઘણી મુશ્કેલીથી માંડ લાલાને સુવાડ્યો છે. ઊઠશે તો મારાથી ઘરકામ નહીં થાય. ના..ના.. મારે ભવિષ્ય બવિષ્ય કાંઈ બતાવવું નથી. તમે બધા ચાલ્યા જાઓ. ગોપીઓએ વારંવાર મૈયાને મનાવવાતી વિનંતી કરી છતાં જશોદાજી માન્યા નહીં, આથી એક ગોપીએ દુઃખી થઈ કહ્યું ચાલો. આમ પણ લાલાના ભવિષ્યની ચિંતા કરવાવાળી આપણે છીએ કોણ ? અમે લાલાના કંઈ લાગતા તો નથી છતાં આપણે પણ એમ જ માની બેઠા છીએ. આપણા માનવાથી થાય પણ શું ? ચાલો, કોઈ વાત નહીં....બાબા પાસેથી ક્ષમા માંગી લઈએ. ગોપીઓની વાત સાંભળી યશોદાજીને સારું ન લાગ્યું. કન્હૈયાને નિહાળતી ઘરની બહાર નીકળી રહેલી ગોપીઓને રોકતા યશોદાજીએ કહ્યું, અરે પગલી ! કેવી વાત કરી રહી છો ? લાલાની ફીકર તમને બધાંને નહીં હોય તો કોને હશે ? લાલો તો બધાનો છે. તેમ છતાં મેં કંઈ કહી દીધું તો આટલી નારાજ થવાની શું વાત છે ? ચાલો ચાલો તમારી વાત માની લીધી પરંતુ મને બતાવો તો ખરા કે એ ત્રિકાળદષ્ટા યોગીજી મહારાજ છે ક્યાં ? મૈયાએ કહ્યું હવે ખુશામત કરો નહીં જલદી યોગી મહારાજ સાથે મુલાકાત કરાવો. ગોપીઓએ કહ્યું બસ આંગણામાં પહોંચી જ ગયા હશે. આમ નંદભવનમાં વાતો થતી હતી ત્યાં તો બીજી ગોપી મોટા સાદે કહેવા લાગી. સૂરદાસજીના શબ્દોમાં કહીએ તો, **રી મૈયા તોરે દ્વારે યશોદા તેરે દ્વારે, બાબા જોગી આયો, બાબા જોગી આયો.** આ અવાજને સાંભળી યશોદાજી શીઘ્ર ઘરની બહાર આવી જુએ છે તો....મૈયા અવાક્ રહી જાય છે. **અંગ ભભૂત ગલે રૂંડમાલા શેષનાગ લપટાયો. બાંકો તિલક ભાલ ચંદ્રમાં ઘર ઘર અલખ જગાયો...મૈયા તોરે દ્વારે.**

બાબાનું આવું રૂપ જોઈને યશોદાની આંખો ખુલ્લી જ રહી ગઈ. કેટલીક ક્ષણો બાદ ગોપીઓ તરફ જોઈને કહેવા લાગી, આવા ભયંકર રૂપધારી જોગીને અહીં શા માટે લાવ્યા છો ? અરે પગલી! તમને શું લાગે છે, હું આવા બહુરૂપધારી પાસે મારા

લાલાનું ભવિષ્ય જાણીશ. અરે એનું સ્વરૂપ તો જુઓ ! ક્યાં મારો માસુમ લાલો અને ક્યાં આ વિચિત્ર ભેખધારી બાબા. એમનું રૂપ જોઈને જ મારો લાલો ડરી જશે. ના ના આ કામ મારાથી નહીં થાય. આમ કહીં મૈયા અંદર જવા લાગ્યાં. ત્યારે ગોપીઓએ કહ્યું. યશોદાજી અમને ક્ષમા કરો પરંતુ એમને અમે બોલાવ્યા છે આથી કાંઈક ભીક્ષા આપી વિદાય કરો. મૈયાએ કહ્યું. હાં, આ વાત ઠીક છે. ભીક્ષા તો જેટલી જોઈએ તેટલી હું આપવા તૈયાર છું. ચાલો હમણાં જ લઈ આવું છું. **લેકર ભીક્ષા ચલી નંદરાની કંચન થાલ ધરાયો, લો ભીક્ષા જોગી જાઓ આસન પર, મેરો બાલક હૈ ડરાયો. મૈયા તોરે દ્વારે....**

જશોદાજી સુવર્ણ થાળીમાં અનેક પ્રકારની કીંમતી ચીજ વસ્તુઓ ગોઠવીને બાબાની સામે રાખી અને કહેવા લાગ્યા, બાબા અમારા લાલાને આશીર્વાદ આપો. બાબાએ મનોમન વિચાર્યું કે કન્હૈયાને આશીર્વાદ આપવાવાળો હું કોણ ? એમની કૃપા અને આશીર્વાદથી તો સમગ્ર દુનિયા ચાલે છે. બાબાના મુખમાંથી અચાનક નીકળી ગયું કે હું એને આશીર્વાદ આપીશ નહીં. શા માટે નહીં આયો ? આમ કેમ કહો છો ? જો ભીક્ષા ઓછી પડી હોય તો બીજી માંગો એટલી આપું પરંતુ આશીર્વાદ માટે કેમ ના પાડી રહ્યા છો ? ભોલે બાબાએ કહ્યું, **ના ચાહિએ તેરી દૌલત દુનિયા, ના યે કંચન માયા. અપને લાલાકા દર્શન કરા દો મૈયા, મૈં દર્શન કો આયો. મૈયા તોરે દ્વારે...**મૈયા મારે આની કોઈ જરૂરત નથી. હું આના માટે ગોકુલમાં આવ્યો નથી. મારે તો બસ લાલાના દર્શન કરવા છે. બસ દર્શન કરાવી દો, મારે કશું જ જોતું નથી. અરે મહારાજ, મેં પહેલા પણ કહ્યું કે આપના આ ભયાનક રૂપ સામે હું મારા લાલાને લઈ આવીશ નહીં. આપ ભીક્ષાનો સ્વીકાર કરો અને લાલાના દર્શનની હઠ છોડો. બાબાએ કહ્યું જુઓ મૈયા હું ખૂબ દૂરથી યાત્રા કરી આ જ ઉદ્દેશ્યથી અહીં આવ્યો છે. હું એને પૂરી કર્યા વિના અહીંથી એક ડગલું પણ આગળ વધીશ નહીં.

આ રીતનું ભોલેબાબા તથા મૈયા યશોદાનું હઠાગ્રહ યુક્ત દશ્ય સમગ્ર દેવી-દેવતાઓ જોઈને મુગ્ધ થઈ રહ્યા છે. બાબાએ આસન બિછાવ્યું અને ત્રિશૂલને સામે જમીનમાં ખોસી દીધું. આસનમાં બેસીને ડમરું વગાડતા કહેવા લાગ્યા કે જ્યાં સુધી લાલાના દર્શન નહીં થાય ત્યાં સુધી હું સમાધીમાંથી ઊઠીશ નહીં. આ મારી પ્રતિજ્ઞા છે. મૈયાએ પણ કહ્યું, અરે ! બાબા હું આવા હઠાગ્રહથી ડરતી નથી. ગમે તે કરો પણ હું મારા લાલાને બહાર લાવીશ નહીં બાબાએ કહ્યું મૈયા જોગીને સતાવવો સારી વાત નથી. ફક્ત એક વાર દર્શન કરાવી દો પછી હું શીઘ્ર અહીંથી ચાલ્યો જઈશ.

મૈયા ગોપીઓની સામે જોઈને કહેવા લાગ્યા કે આ બધું તમારું ડાહપણ છે. જો આમને અહીં લઈને ન આવ્યા હોત તો આ સમસ્યા ઊભી થવાની ન હતી. હવે તમે જ એમને સમજાવો. ગોપીઓ બિચારી શું કરે...ક્યારેક બાબાને અહીંથી જવા માટે પ્રાર્થના કરે છે, તો ક્યારેક મૈયાને લાલાની એક ઝલક દેખાડવા માટે વિનંતી કરી રહી છે. યશોદાજી પૂર્વવત્ કામમાં લાગી ગયા. બાબા આંગણામાં લાલાના દર્શનની એક ઝલક મેળવવા માટે આસન જમાવીને બેઠા છે. કેટલોય વખત વીતી ગયો. મૈયાની તરફથી કોઈ સકારાત્મક પ્રતિસાદ ન મળ્યો એટલે ભોલેનાથ હવે મનોમન કન્હૈયાને જ પ્રાર્થના કરવા લાગ્યા. હે પ્રભુ ! હવે આપ જ કંઈક કરો. આપ તો અંતર્યામી છો. બધું જ આપની સામે છે. શું આપ જાણતા નથી કે આપનો સેવક આપના દર્શન માટે આતુર છે. હું જશોદાજીને મનાવતા મનાવતા થાકી ગયો પરંતુ માતાજી માનતા જ નથી. આપ આ બધું જાણવા છતાં પણ ચૂપચાપ કેમ બેઠા છો. હું આપના દ્વારે આવ્યો છું. હવે તો દર્શન આપો પ્રભુ !

આ પ્રમાણે મનોમન બાબા ભોળાનાથે કન્હૈયાને પ્રાર્થના કરી કે તરત જ પારણાંમાં સૂતેલો કન્હૈયો એકાએક રડવા લાગ્યો. કન્હૈયાનું રુદન સાંભળી મૈયા દોડતી દોડતી પારણાં પાસે જઈ લાલાને ઉપાડી ગોદમાં રાખ્યો. પરંતુ કન્હૈયો વધારે જોરથી રડવા લાગ્યો. મૈયાએ વિચાર્યું કે આને ભૂખ લાગી હશે. દુગ્ધપાન કરાવવા લાગી પરંતુ ન તો કન્હૈયો દૂધ પીવે છે ન તો શાંત થાય છે. તે તો ખૂબ જોરથી રડવા લાગ્યો. ગોપીઓ પણ રુદન સાંભળી ત્યાં પહોંચી ગઈ. બધા ચિંતા કરવા લાગ્યા. અચાનક આમ કેમ થઈ ગયું ? આટલા જોરથી તો ક્યારેય લાલો રડ્યો નથી. ગોપીઓ મનોમન પોતાના ઈષ્ટને પ્રાર્થના કરવા લાગી. હે નાથ કન્હૈયાની રક્ષા કરજો. બહાર બેઠેલા બાબાએ પણ કન્હૈયાનું રુદન સાંભળી મનોમન ખુશ થઈને મોટે સાદે કહેવા લાગ્યા, અરે મૈયા લાલાને શું થયું છે તે હું જાણું છું. કહો તો હું એમને ઠીક કરી દઉં. બાબાનો સાદ એક ગોપીએ સાંભળી લીધો. મૈયાની પાસે જઈ વાત કરી. મૈયાએ કહ્યું ના ના એવું તો થશે જ નહીં. મૈયા જેમ જેમ ના કહેતી જાય તેમ તેમ કન્હૈયો જોરથી રડતો રહે છે. આ વાત મૈયા કે ગોપીઓની સમજમાં ન આવી.

કહેવાય છે ને કે ભક્ત પોતાની સાધનાથી ભગવાનના દ્વાર સુધી જઈ શકે છે પરંતુ અંદર પ્રવેશ કરવા માટે તેમની મહાન કૃપાની જરૂરત પડે છે. દરવાજે આવેલા ભક્તનો હાથ પકડી પ્રભુ પ્રેમથી અંદર લઈ જાય છે. સુદામાની સાધના દ્વારકાનાથના

દરવાજા સુધી હતી. ત્યાર બાદ સ્વયં દ્વારકાધીશ એમને લેવા માટે દોડતાં આવ્યા. આવી જ રીતે બાબા ભોળાનાથ કન્હૈયાના દરવાજા સુધી તો પહોંચી ગયાં પરંતુ જ્યાં સુધી સ્વયં કન્હૈયો બહાર ન આવે ત્યાં સુધી ભોળાનાથને તેમના દર્શન કેવી રીતે થાય. કન્હૈયાએ વિચાર્યું કે હવે ભોળાનાથની સાધનાની પરાકાષ્ઠા આવી ગઈ છે. હવે મારે એમનો હાથ પકડવો પડશે. અત્યારે હું સ્વયં ચાલીને તો જઈ શકતો નથી. જ્યાં સુધી હું રડીશ નહીં ત્યાં સુધી મને બહાર લઈને માતા જશે નહીં. આમ વિચારી કન્હૈયો ફરીથી તીવ્ર રુદન કરવા લાગ્યો.

અનેક ઉપાય કરવા છતાં લાલો શાંત ન થયો ત્યારે ન છુટકે મૈયાએ ગોપીને કહ્યું તું શું કહી રહી હતી. બાબા આને સારો કરી દેશે ? ગોપીએ કહ્યું હા, મૈયા બાબા કહી રહ્યા હતા કે તેઓ તેને એક પળમાં સારો કરી દેશે. નિરૂપાય મૈયા કન્હૈયાને લઈ બહાર આવી. મૈયાએ કહ્યું કે બાબા કાંઈક કરો ને. બાબાએ કહ્યું કે મૈયા જરાક નજીક આવો. હજી થોડા નજીક આમ કરતાં કરતાં મૈયાએ લાલાને બિલકુલ બાબાની સમીપ રાખી દીધો. તેમ છતાં કન્હૈયો શાંત ન થયો. ત્યારે બાબાએ કહ્યું કે મૈયા એને મારા ખોળામાં રાખો. મૈયાએ આ વાતનો સ્પષ્ટ ઇન્કાર કરી દીધો. આપના બિહામણા રૂપથી મારો લાલો ડરી જશે. બાબાએ કહ્યું કે કંઈ નહીં થાય મૈયા, પરંતુ મૈયા ખોળામાં આપવા માટે મનાઈ કરતી રહી. આ જોઈ કન્હૈયાએ પૂર્ણ જોશથી રડવા માંડ્યું. કન્હૈયાની આવી સ્થિતિ જોઈ ગોપીઓ પણ મૈયા યશોદાને કહેવા લાગી કે વિશ્વાસ રાખો અને કન્હૈયાને બાબાના ખોળામાં રાખી દો. કંઈ નહીં થાય. ગોપીઓની વાત સાંભળી છાતીમાં પથ્થર રાખી ભગવાનને પ્રાર્થના કરી મૈયાએ આંખો બંધ કરી કન્હૈયાને બાબાની ગોદમાં મૂકી દીધો.

ભોલે બાબાના ખોળામાં આવતાં જ કન્હૈયાએ રુદન બંધ કરી દીધું. કન્હૈયાને ખોળામાં જોઈ બાબાને સમાધી લાગી ગઈ. એકીટસે દર્શન કરતાં તેઓ ભાવ સમુદ્રમાં ડૂબી ગયા. કન્હૈયો પણ ભોલાનાથને તૃપ્ત કરી રહ્યો હતો. થોડી વાર પછી મૈયાએ આંખો ખોલી જોયું તો કન્હૈયો બાબાના ગળામાં રહેલા સાપને હાથમાં પકડી રમતો હતો. આ દૃશ્ય જોઈ યશોદા અને ગોપીઓએ એકી શ્વાસે ચીસ પાડી, બાબા કન્હૈયો સાપને હાથ લગાડે છે એની રક્ષા કરો. બાબા ભોલાનાથે કહ્યું ચિંતા કરો નહીં આ તમારો દીકરો તો એક નહીં એવા અનેક સાપોનું મર્દન કરવાવાળો છે. આ લાલો તો આદિ અનાદિ કાળથી બધાનો રાજા છે અને રહેશે. આપણે બધા અંશ માત્ર છીએ.

સમગ્ર વિશ્વ બ્રહ્માંડનું આશ્રય કેવળ આ જ છે. આજ બધાને આનંદ પ્રદાન કરવાવાળો છે એટલા માટે એને સચ્ચિદાનંદ કહે છે.

મોટા મોટા ઋષિ-મુનિ જ્ઞાની-ધ્યાની, યોગી-તપસ્વીથી લઈ સર્વ સાધક એમને મેળવવા માટે સાધના કરે છે. આજ અખિલ બ્રહ્માંડના એકમેવ સ્વામી છે. અમે ત્રિ-દેવથી લઈ બધા જ દેવી-દેવતાઓ એમના ચરણકમળમાં નિત્ય નિરંતર પ્રણામ કરીએ છીએ. જેઓ એમનું સ્મરણ કરી એક વાર પ્રેમથી પ્રણામ કરે છે તેમનો આ ભવસાગરમાં પુનઃ જન્મ થતો નથી. તે સર્વદા એમના પાવન-ચરણ શરણમાં વિશ્રામ પામે છે. આ રીતે બાબા ભોલેનાથે લાલાનું ભૂત-ભવિષ્ય અને વર્તમાન બતાવી દીધું. દર્શનથી તૃપ્ત થઈ કન્હૈયાને માતા જશોદાની ગોદમાં રાખી દીધો. મૈયાને ધન્ય ધન્ય કહી પોતાના આસન ઉપરથી ઊભા થઈ યશોદાજીની પાંચવાર પ્રદક્ષિણા તથા પ્રણામ કરી ભગવાન ભોલેનાથજીએ પુનઃ કૈલાશ ગિરિશિખર તરફ પ્રસ્થાન કર્યું. **(ક્રમશઃ....)**

# પ્રણામી ધર્મની ટી વી. ચેનલ

(This is for private circulation and refrence only)

ધર્મપ્રાણ સુંદરસાથજીને જણાવવાનું કે શ્રી કૃષ્ણ પ્રણામી ધર્મની ટીવી ચેનલ હવે સાકાર રૂપ લઈ રહી છે. ભારત સરકાર પાસેથી લાઈસન્સ લેવા માટે તમામ ઔપચારિકતાઓ પૂરી થઈ ગયેલ છે અને હવે ટૂંક સમયમાં લાઈસન્સ મળવાની શક્યતા છે.

આ દરમિયાન સુંદરસાથની વસતી ગણતરી અંગેનો સર્વે પણ ચાલે છે જે આપણને ચેનલના ડિસ્ટ્રીબ્યૂસન અંગે સહયોગ પહોચાડશે તેમજ સુંદરસાથને પણ તેમના જન્મદિવસ કે લગ્નગાંઠ પર શ્રી ૫ નવતનપુરી ધામના આશીર્વાદ મળ્યા કરશે.

બીજી બાજુ શ્રી કૃષ્ણ પ્રણામી ધર્મના પ્રચાર પ્રસારને વેગ આપવા મીડિયા દ્વારા ધાર્મિક પ્રશિક્ષણ આપવા માટે સુંદરસાથ પોતાની મૂડી રોકાણ કરી શકે તેવી સંસ્થા અસ્તિત્વમાં આવેલ છે. સુંદરસાથ પોતાની પૂંજી નિવેશ(રોકાણ) આ સંસ્થામાં કરશે તો તેમને યોગ્ય વળતર(વ્યાજ સાથે) મળશે. આ અંગેનું વિસ્તૃત વિવરણ હવે પછી આપવામાં આવશે.

# પગલી ગોપીની પ્રેમ સાધના ભાગ-૨

## પ્રથમ દર્શને પરમપ્રેમ-૩

### કથા લેખક : પં. મંગલજી ઉદ્ધવજી શાસ્ત્રી, સદ્‌વિદ્યાલંકાર

**(ગતાંક પૃષ્ઠ ૧૯ ... થી આગળ)**

માયાનું સ્વરૂપ દર્શાવતાં ભક્તિશાસ્ત્રો સમજાવે છે કે તાજા ગોબર(છાણ)માં ફસાયેલા વાળને ખેંચી કાઢવો હોય તો એ બહુ સહેલાઈથી નીકળી શકે છે પરંતુ જેમ જેમ એ છાણનો ગોળો સૂકાતો જાય, તેમ તેમ એ વાળને ખેંચીને કાઢવામાં વધારે ને વધારે મુશ્કેલી પડતી જાય છે, તદ્દન સૂકાઈ ગયેલા છાણના ગોળામાંથી ટૂકડે ટૂકડા થવા છતાં એ વાળ પૂરેપૂરો નિકળી શક્તો નથી.

માયામાં ફસાયેલા જીવની પણ એ જ સ્થિતિ છે. પ્રભુના સન્મુખ થવા છતાં જીવનું આકર્ષણ માયા તરફ વિશેષ રહે છે અને એ કારણથી પ્રભુકૃપા થવામાં જીવને વિલંબ થાય છે.

ગત પરિચ્છેદમાં દર્શાવ્યા પ્રમાણે બાળપણથી જ સત્સંગ-સંસ્કાર પામેલી અને ગામડામાં પોષાયેલી વિદ્યાવતી અવસ્થા યોગ્ય થતાં આણું વળીને એ ગોકુળમાં આવેલા શ્વસુરગૃહમાં મંગળપ્રવેશ કરે છે. પ્રથમથી જ એના હૃદયની ભૂમિકામાં ભક્તિનાં બીજ વવાઈ ચૂક્યાં છે, ભક્તિની અમૃતવેલમાં હવે પુષ્પો અને ફલો જ આવવાનાં બાકી છે.

થોડા જ વિયોગના અનુભવ બાદ એ પ્રેમ, આસક્તિ અને વ્યસનની ભૂમિકામાંથી સ્વયંસિદ્ધા ગોપી બની જાય છે. શ્યામસુંદરના દર્શનની આકાંક્ષાને હૃદયમાં સંઘરીને એ હમણાં જ પતિગૃહે આવી છે. ગામના રિવાજ પ્રમાણે પતિ-પત્નીએ ગોકુળનાં મહારાણી શ્રી યશોદા મૈયાને પગે લાગીને આશીર્વાદ લેવા જવાનું હતું. નવી જ આવેલી આ ગામડાની ગોરીને સખીઓ દ્વારા કર્ણોપકર્ણ સાંભળેલી વાત યાદ આવે છે.

ગોકુલનો કન્હૈયો તો આખા વ્રજની કન્યાઓનો પતિ છે, ઘરે ઘરના ગ્વાલબાલક બનીને એણે જ બધી કન્યાઓનાં પાણિગ્રહણ કર્યા છે.

આજે જ એ શ્યામસુંદરના દર્શનની સાથે મા યશોમતીજીના આશીર્વાદ પણ મળશે એ આશાએ આ નવયુગલ નંદભવનમાં આવ્યું. મા યશોદાજીના ચરણમાં

પડીને બંનેએ આશીર્વાદ લીધા. માતાજીએ બન્નેને બબ્બે સોનામહોરો આપીને સામે બેસાડ્યાં. દાસીએ આવીને તેની પાસે મિષ્ટાન્નની થાળી મૂકી-બન્નેએ મિષ્ટાન્ન આરોગ્યું. પરંતુ વિદ્યાવતીનું ચિત્ત તો વ્રજવિહારી શ્યામના દર્શનમાં લાગ્યું હતું. ઊભી થઈને એ નંદભવનમાં ફરવા લાગી. ચારે બાજુ દૃષ્ટિ કરવાને બહાને એ નવી નવી ગૃહ સામગ્રીને નિરખવા લાગી.

આ જોઈને મા યશોદાએ પૂછ્યુ, બેટી વિદ્યાવતી ! ઘરની વસ્તુઓને વારંવાર જોતી રહે છે, એમાંની કોઈ વસ્તુ સામગ્રી તને જોઈતી હોય, તો લઈ જઈ શકે છે, ચતુર વિદ્યાવતીએ હસીને જવાબ આપ્યો. માતાજી !

**(મીઠા મધુને મીઠા મેહુલા રે લોલ-એ રાગ)**

**રાજાના રાજ્યમાં જે નવ મળે રે લોલ, એવી અણમોલ ચીજ અહીં જો,**
**આભલાંનો ચન્દ્ર અહીં ઊતર્યો રે લાલ, એ તો દેખાયો નહિ ક્યાંય જો.**
**એને જોવાને તલસું ઘણી રે લોલ....૧**

બીજી વસ્તુ તો મારા પિતાને ત્યાંથી લાવી છું હું પરન્તુ રાજાઓના રાજાને ત્યાં પણ જે વસ્તુઓ જોવા મળતી નથી એવી એક મૂલ્યવાન મોંઘી વસ્તુ નંદાલયમાં છે, એમ મેં સખી મુખેથી સાંભળ્યુ છે. બસ, એ જોવા માટે હું તલસી રહી છું પરંતુ એ વસ્તુ તો દેખાતી નથી. વળી, એવી તે કઈ વસ્તુ છે બેટી ? યશોદાજીએ પ્રશ્ન કર્યો.

મા ! વિદ્યાવતી બોલી મેં સાંભળ્યું છે કે આ વિશાલ આભલાંનો એક અલૌકિક ચન્દ્ર આપના ભવનમાં ઊતરી આવ્યો છે, એને જોવા માટે મારું મન તલસી રહ્યું છે પરંતુ એ ચન્દ્ર તો નજરે પડતો નથી.

તારી ચતુરાઈ ભરેલી વાતને મેં સમજી લીધી બેટી. યશોદાજી બોલ્યા પરંતુ આકાશના ચાંદમાં અને મારા ચાંદમાં તો બહુ મોટું અંતર છે, સાંભળ....

**આભલાંનો ચાંદ તો છે ઊજળો રે લોલ, મારો એ ચાંદ તો છે શ્યામ જો,**
**આખો દિવસ વનમાં વસે રે લોલ, નિરખવા ચહું આઠે જામ જો.**
**એને જોવા.....૨**

આભલાંનો એ ચાંદ તો ઊજળો છે, આ વ્રજનો ચાંદ તો કાળોચાંદ છે. તેં હજુ એને જોયો નથી પરંતુ શું કરું બેટી. ઘરમાં સેંકડો સેવકો હોવા છતાં ગાયો ચારવાને બહાને એ આખો દિવસ વનમાં વસે છે, મને તો રાત દિવસ એને જોયા કરવાની ઈચ્છા થાય છે પણ રાત્રે બે ચાર ઘડી જોવા પામું છું. ત્યાં તો એ પોઢી જાય છે અને સવારમાં તો.... મા યશોદાજીના નેત્ર સાગરમાં જાણે બે મોતીબિંદુઓ ઝળકી ઊઠ્યાં.

માતાનું વાત્સલ્ય અને પોતાને શ્યામના દર્શનના અભાવથી વિદ્યાવતીના નેત્રોમાં જાણે કે મુક્તાબિંદુનાં તોરણો બંધાઈ ગયાં અને મનની ઈચ્છાને મનમાં જ સમાવી દઈને તેણ વિદાય લીધી. મનમાં મનમોહનને યાદ કરતા તેણે બે ત્રણ દિવસો વિતાવ્યા.

નવી આવેલી વિદ્યાવતી હજુ ઘરનાં માણસો સિવાય કોઈને ઓળખતી નથી અને સાસુની આજ્ઞા વિના બહાર પણ નીકળાતું નથી. ચોથે દિવસે સાંજના સમયે પાણીનું બેડું ભરવા નીકળેલી પ્રેમવતીએ વિદ્યાવતીને કહ્યું બહેની, ચાર ચાર દિવસથી ગામમાં આવી છે ને બહાર પણ નીકળતી નથી ? ચાલ, પાણીનું બેડું લઈને, આપણે ઘાટ પરથી જલ ભરીને હમણાં જ પાછી ફરીશું.

હા હા બેટી ! અંદરથી સાસુમાનો અવાજ આવ્યો. આ તો આપણા પાડોશની ગોપી પ્રેમવતી છે. આજે એની સાથે પાણી ભરવા જઈને રસ્તો જોઈ આવ, હવે પછી કોઈ વાર તારે એકલીને પણ પાણી ભરવા જવું પડે.

વિદ્યાવતીને સાસુજીની આ આજ્ઞા ખૂબ ગમી ગઈ. તરત જ પાણીનું બેડું લઈને એ પ્રેમવતીના સાથે ચાલતી થઈ. ઘાટના કિનારા પર બન્ને ગોપીઓ પોતપોતાનાં બેડાં ઉજાળવા લાગી.

**બેડાંને હાથથી ઉજાળતી રે લોલ, બેઠી છે યમુનાને તીર જો,**
**પૂછે પાડોશણને બેહેનડી રે લોલ, કેવા છે હળધરના વીર જો.**
**એને જોવા.....૩**

બેડાંને હાથથી ઉજાળતાં વિદ્યાવતી પૂછે છે, સખી, મે સાંભળ્યું છે કે નંદજીનો લાલો બહુ સુંદર છે, માતાજીના આશીર્વાદ લેવા અમો એક દિવસ ગયાં પણ એ તો દેખાયો નહિ. મને બતાવીશ બહેન. કેવો છે એ નંદનો લાડીલો લાલ ?

અરે બહેની ! પ્રેમવતી બોલી આજ દિવસ સુધી તેં એ શ્યામના દર્શન કર્યા નથી ? એનાં દર્શન કર્યા પછી આંખો તો એના રૂપસાગરમાં સ્થિર થઈ જાય છે. અને વળી.

**વ્યાપે ઉલ્લાસ રોમે રોમમાં રે લોલ, ઊઠે આનંદના તરંગ જો,**
**દેવાલય દેહતણું ઝળહળે રે લોલ, દીવા પ્રગટે છે અંગોઅંગ જો.**
**એને જોવા.....૪**

એનાં દર્શન થતાં જ રોમરોમમાં ઉલ્લાસ ઉભરાય છે, આનંદના તરંગો ઊઠે

છે. દેહરૂપી દેવાલય દિવ્ય જ્યોતિથી ઝળહળી ઊઠે છે અને અંગોમાં જાણે દીવા પ્રગટ્યા હોય તેવો પ્રકાશ પથરાઈ જાય છે. એ શ્યામસુંદરને જોવા માટે તો હું વારંવાર અધીરી બની જાઉં છું.

યમુના કિનારે ઘાટની નજીકમાં બેઠેલી કહેનારી પ્રેમવતી અને સાંભળનારી વિદ્યાવતી બન્નેનાં બેડાં ઉજાળાતાં અટકી ગયાં પ્રેમવતી વિદ્યાવતીને કહે છે, બહેની ! શું વાત કરું એ શ્યામના સ્વરૂપની ? દર્શન કરતાં તૃપ્તિ થતી નથી અને,

**દર્શન કરે છે આંખ જે સમે રે લોલ, જાણે કે પૂનમનો ચાંદ જો,**
**શ્યામ છતાં કામ સમો દીસતો રે લોલ, ભક્તોનો આનંદકંદ જો.**
**એને જોવા.....૫**

જ્યારે આપણી આંખો એના રૂપસાગરમાં મળે છે, ત્યારે તો જાણે કે એનું મુખ પૂનમના અલૌકિક ચંદ્રના જેવું દેખાય છે. રંગે તો એ શામળો છે પણ કામદેવના સમાન દેખાવડો લાગે છે, હું તો એનાં રોજ દર્શન કરું છું, છતાં વારંવાર એના દર્શનની ઈચ્છા થઈ આવે છે, કારણ કે એ ભક્તોના આનંદનું મૂલ સ્વરૂપ છે.

બેડાંને ઉજાળીને હવે પ્રેમવતી કહે છે, બહેન ! તને હજુ થોડી વાર લાગશે, ત્યાં સુધીમાં એક બેડું ભરીને ગોળામાં નાખી આવું. તું તૈયાર રહેજે. મને વાર નહિ લાગે, કહીને પ્રેમવતી પાણીનું બેડું ભરીને ઉતાવળે વિદાય થઈ. ઘાટના કિનારા પર એકલી બેડું ઉજાળતી વિદ્યાવતી વિચારી રહી છે.

**મનથી નારાયણને વિનવું રે લોલ, મળે મને નંદનો કુમાર જો,**
**તરસ્યાં નયનો તો એને ઝંખતાં રે લોલ, મનમાં છે ભાવના અપાર જો.**
**એને જોવા.....૬**

હે મારા નારાયણ ! લાંબા સમયથી દર્શનનાં તરસ્યા નયનોને જો નંદકુમારનાં દર્શન થઈ જાય, તો કેવું સારું ? જો કે સાંજ તો પડવા આવી છે, હવે તો એ ગાયો ચરાવીને ઘેર પણ આવી ગયો હશે, એટલે આજે અત્યારે તો દર્શન ક્યાંથી થાય ? છતાં મારો એ નાથ તો સર્વ સમર્થ છે, એ જો ધારે તો.....

અને અચાનક વિચારમાં ડૂબેલી વિદ્યાવતીની પીઠમાં પાછળથી કપડાનો બનાવેલો અને રંગીન દોરીથી કલાત્મક રીતે ગૂંથેલો એક દડો અથડાયો. વિદ્યાવતીએ પાછળ ફરીને જોયું તો એક સુકુમાર અલૌકિક બાલ દોડયો આવે છે. વિદ્યાવતી તેને દૂરથી ઓળખી ગઈ. હવે તો કોઈને પૂછવાની જરૂર ન હતી. સામેથી દોડયા આવતા નાનકડા નટવરને એ આંખો ભરી-ભરીને જોઈ રહી. કેવો છે એ નંદકુમાર ?

**વાંકડીયા વાળ વિખરાયેલા રે લોલ, પટકો બાંધ્યો છે વળી માથ જો,**
**ભાલમાં તિલક વનમાળ છે રે લોલ, બાજુબંધ બાંધ્યા છે હાથ છે.**
**એને જોવા.....૭**

નંદકુમાર હવે તો નજીકમાં આવી પહોંચ્યો હતો. મનમાન્યો મોહન મંદ મંદ હસી રહ્યો છે. ખુલ્લા વિખરાયેલા વાંકડીઆ વાળ તેને માથે વીં ટેલો રંગીન સોનેરી પટકો. ભાલમાં ઝાંખું ઝાંખુ કસ્તુરીનું તિલક, બાજુબંધ અને વનમાલા ધારણ કરીને સામે જ ઊભેલા શ્યામ સુંદરને વિદ્યાવતી જોઈ રહી રહી છે. મટકું પણ માર્યા વિના નિરખી રહી છે. બાજુબંધ બાંધેલા હાથોવડે નીચો નમીને એ પોતાનો દડો લેવા યત્ન કરી રહ્યો છે, જલદીથી દડાને હાથમાં લઈને એ હસતો હસતો કહી રહ્યો છે. મને ઓળખો છો ભાભી ?

આ હા હા ! આવો પ્રેમપૂર્ણ ભાભી શબ્દ વિદ્યાવતીએ પહેલી વાર જ સાંભળ્યો અને હર્ષઘેલી વિદ્યાવતી બોલી ઊઠી,

**જાણું છું નંદના કુમાર છો રે લોલ, (અને)મારા છો પ્રાણના આધાર જો,**
**પૂર્વના સમયથી પિછાણ છે રે લોલ, વ્રજમાં લીધેલ અવતાર જો.**
**એને જોવા.....૮**

જાણું છું મારા શ્યામ ! આપણી પિછાણ તો યુગોયુગની જૂની છે. વર્તમાન સમયમાં આપે વ્રજમાં અવતાર ધારણ કર્યો છે, મારા આપ પ્રાણાધાર છો અને અને

ગોપીને વચ્ચે જ અટકાવીને શ્યામસુંદર બોલી ઊઠ્યા, આપણો ચિરકાળનો સમ્બન્ધ મારાથી અજાણ્યો નથી વિદ્યાવતી. તારી સાથે વાતો કરવાનું મને ખૂબ ગમે છે પરંતુ શું કરું ? મારા બાલસખાઓ મારા ઉપર આવેલો દાવ લેવા માટે ઉતાવળા થઈ રહ્યા છે. આ તો દૂર ફેંકાયેલો દડો લેવા દોડીને આવવું પડ્યું. કહેતાં કહેતાં બાલકૃષ્ણ દોડીને જવા લાગ્યા.

જતાં જતાં શ્યામને વિદ્યાવતી એ અવાજ કરીને કહ્યું. હું પણ ફેંકાયેલા એ દડા જેવી નથી શું મારા સુંદરશ્યામ ! મને નેત્રો ભરી ભરીને દર્શનની કામના છે, ક્યારે મળીશું હવે ? એટલું તો કહેતા જાવ.

જતાં જતાં નંદકુમાર હાથ ઊંચો કરીને કહ્યું આવતી કાલે મળીશું.

વિદ્યાવતી મનમા બોલી ઊઠી, અરે વાહ ! લાંબી મુદત પણ નાખી નથી નંદકુમારે. પરંતુ ....પરંતુ ક્યાં અને ક્યારે ? એ તો જાણી શકાયું નહિ. ત્યાં તો ખાલી

બેડું લઈને પ્રેમવતી નજીકમાં આવી પહોંચી, તેને મંદ મંદ હસતી જોઈને વિદ્યાવતીએ પ્રશ્ન કર્યો. કેમ હસી રહી છે પ્રિય સખી ?

પ્રેમવતી બોલી, એક વસ્તુ મેળવવા માટે કોઈને મહિનાઓ સુધી તપ કરવું પડે અને વિયોગમાં રાતોની રાતો વિતાવવી પડે, ત્યારે કોઈને વિના પ્રયત્ન એ પ્રાપ્ત થઈ જાય. વિશ્વના એ ન્યાયધીશના ન્યાયનો વિચાર કરતાં હસવું આવે છે. તું ભાગ્યવતી છે વિદ્યાવતી. તારા પૂર્વ પ્રયત્નો સત્સંગ, સ્મરણ અને સેવાના કારણે તને જલદીથી શ્યામના દર્શન થયાં. એ કાંઈ જેવા તેવા ભાગ્યની વાત નથી. સાંભળ.

**સ્મરણ અને ધ્યાન વિષે આવતા રે લોલ, સન્મુખમાં વાત કરી જાય જો,**
**સ્વપ્નમાં યે શ્યામના દર્શન મળે રે લોલ, પુણ્ય વિના એ નહિ પમાય જો.**
**એને જોવા.....૯**

એ શ્યામસુંદર સ્મરણમાં કે ધ્યાનમાં આવે, કે સન્મુખની જેમ વાર્તાલાપ કરે કે અનાયાસે કૃપાપૂર્વક સ્વપ્નમાં કે પ્રત્યેક્ષ પધારીને દર્શન આપે એ બધું જીવનાં પૂર્વોપાર્જિત પુણ્ય વિના મળી શકતું નથી. તારાં ભાગ્ય અધિક બલવાન હોવાથી તને અનાયસે વિના સાધનાએ શ્યામસુંદરનાં દર્શન થયાં. પરમસુખની પ્રાપ્તિ પુણ્ય વિના થઈ શકતી નથી.

અને બન્ને સખીઓ પાણી ભરીને પોત પોતાને ઘેર આવી પહોંચી. આજે વિદ્યાવતીને ભોજન ભાવતું નથી. પથારીમાં પડી છતાં ઊંઘ તો જાણે વેરણ બની ગઈ છે. ઊંઘમાં એ શ્યામના વિચારે ચડી ગઈ છે.

**મુદ્દત આપી છે મનમોહનને રે લોલ, હૈયામાં હર્ષના સમાય જો,**
**શ્યામના સ્મરણમાં વીતે રાતડી રે લોલ, ક્યારે હવે કાલ થાય જો.**
**એને જોવા..૧૦**

શ્યામસુંદરે ફરી વાર મળવાની આવતી કાલની મુદ્દત આપી છે પરંતુ એ કાલ ક્યારે થશે ? એ સમજી શકાય તેવી વાત નથી. કોણ જાણે કેમ ? આજની રાત જ એટલી લાંબી થઈ ગઈ છે કે જાણે વર્ષો સુધી એ કાલ આવવાની જ નથી ! શ્યામનું સ્મરણ મનમાંથી ખસતું નથી. મિલન માટેનો હર્ષ હૈયામાં સમાતો નથી અને એને મળવાનો તલસાટ વધતો જાય છે. આ કાલ ક્યારે થશે ? એ સમજાતું નથી.

**સ્નેહના સંગીતથી બોલાવતા રે લોલ, પ્રેમના કરાવે રસપાન જો,**
**નયનો દોડે છે એને નિરખવા રે લોલ, સુણવાને તાન દોડે કાન જો.**
**એને જોવાને...૧૧**

પ્રથમ મિલનના પ્રસંગમાં જ એ શ્યામસુંદરે સ્નેહનું સંગીત રેલાવતા હોય, તેમ 'ભાભી' શબ્દથી મારું સંબોધન કર્યું. કેવા હતા એ મનોરમ્ય ભાવભીના શબ્દો. જાણે પ્રેમનું રસપાન કરાવતા ન હોય, એ શબ્દો વારંવાર સાંભળવાં માટે મારા કાન અધીરા બની રહ્યા છે, આંખો એને જોવા માટે દોડી રહી છે. છતાં દેહના દરવાજામાં ચોકીદારની જેમ સજાગ બેઠેલી મારી જીભ મૌન બની રહી છે પરંતુ એમાં પણ દુઃખની વાત તો એ છે કે,

શ્યામના આપેલા વાયદાનો સાક્ષી કોણ ? જેને સાક્ષી તરીકે મૂકી શકાય તે બધા સાક્ષીઓ તો અધૂરા છે. કારણ કે,

**આંખો મૂંગી ને જીભ વાતુડી રે લોલ, કાનને ય કયાં છે સાન ભાન જો,**
**ખેંચે સંસારમાં સૌ સૌ ભણી રે લોલ, સ્વાર્થ માટે ભૂલે સૌ સાન જો.**
**એને જોવાને...૧૨**

આંખો મૂંગી ને બહેરી છે, જીભ આંધળી ને બહેરી છતાં વાતોડી છે, ત્યારે કાનને જીભ કે આંખો નથી. એ બધા તો પોતાના ભણી જીવને ખેંચી જઈને સ્વાર્થ માટે સાન-ભાન ભૂલી જાય છે. આવી એક જ જન્મમાં મળેલી અને સ્વાર્થમાં શૂરી-અધૂરી ઈન્દ્રિયોનો વિશ્વાસ પણ કેમ થાય ? એને ફરી બેસતાં કેટલી વાર લાગે ? હા યાદ આવ્યું, સાચો અને નિષ્પક્ષ સાક્ષી દેહના દેવળમાં ગુપ્તરૂપે બિરાજે છે, એ જ સાક્ષી બની જાય તો શ્યામના બોલનો તોલ થઈ શકે.

**અંદર બેઠેલ આત્મદેવ છે રે લોલ, એની છે સાક્ષી અણમોલ જો,**
**જન્મો જનમનો એનો સાથ છે રે લોલ, કરશે એ શબ્દોનો તોલ જો.**
**એને જોવા...૧૩**

દેહમાં અવ્યક્ત રૂપે બિરાજમાન એ સાક્ષી છે, કારણ કે એ મારા જન્મ જન્માંતરનો સાથી છે, એના વિના દેહ અને તેનાં તમામ અંગો ઈન્દ્રિયો પણ નિષ્ફલ નિવડે છે. મારા પ્રિયતમના પુણ્ય પ્રદેશમાં પહોંચાડવાનું સામર્થ્ય પણ એ જ આત્મદેવમાં છે અને **યતો વાચો નિવર્તન્તે અપ્રાપ્ય મનસા સહ** વાણી અને મનની ક્રિયાઓનો જ્યાં છેડો આવી જાય છે, ત્યાંથી આગળ એના દિવ્ય પ્રદેશનો પ્રારંભ થાય છે. વળી.

**(શેષ પૃષ્ઠ ૨૩ પર...)**

# અંદર નાહીં નિર્મલ

## ડોલી ગિરધર

સચ્ચિદાનંદ પૂર્ણબ્રહ્મ પરમાત્માને સમગ્ર સંસાર પ્રાપ્ત કરવા ઈચ્છે છે અને એની પ્રાપ્તિનો સર્વોત્તમ ઉપાય છે મનની નિર્મલતા. જો કોઈએ સમગ્ર વેદ-પુરાણ, શાસ્ત્ર, કુરાન, બાઈબલ, ગીતામાં દર્શાવેલા જ્ઞાનને આત્મસાત કરી લીધું અને એ જ્ઞાનના દ્વારા પૂર્ણબ્રહ્મ પરમાત્માની પિછાણ કરી લીધી તેમ છતાં પણ મનમાં બીજા પ્રત્યે કટુતા, ઈર્ષા અને દ્વેષનો જરા પણ ભાવ શેષ રહી ગયો અર્થાત્ મન નિર્મળ નથી તો પરબ્રહ્મ પરમાત્માનું આસન(સ્થાન) તેમના હૃદયમાં  ક્યારેય પણ રહેશે નહીં. એટલા માટે શ્રી પ્રાણનાથજી કિરંતન ગ્રન્થમાં કહે છે,

**અંદર નાહીં નિરમલ, ફેર ફેર નહાવે બાહેર ।**
**કર દેખાઈ કોટ બેર, તોહે ન મિલો કરતાર ॥**

**(કિરંતનપ્ર. ૧૩૨/૧)**

અર્થાત્ વારંવાર સ્નાન કરવાથી મન ક્યારેય નિર્મળ થઈ શક્તું નથી અને કરોડો વખત ભક્તિનો દેખાડો કે ઢોંગ કરવાથી પરમાત્માની પ્રાપ્તિ અસંભવ છે. દેખાડવાની આડંબર યુક્ત ભક્તિનો તો અનેક ભક્ત કવિઓએ પણ વિરોધ કર્યો છે. બધાથી પ્રખર વિરોધનો સ્વર સંત કબીરનો રહ્યો છે. તેઓએ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે મનમાં કપટ રહેવાથી કેવળ દેખાડો કરવા માટે હાથમાં માળા લઈને નામ જપવાથી પરમાત્માની પ્રાપ્તિ થઈ શક્તી નથી.

**માલા તો કરમેં ફિરે, જીભ ફિરે મુખ માહીં ।**
**મનુવા તો ચહું દિસ ફિરે, યહ તો સુમિરન નાહીં ॥**

અર્થાત્ હાથમાં માળા ફરી રહી છે, મુખમાં જીભ પણ યંત્રવત્ નામ જપી રહી છે પરંતુ મન સાંસારિક બંધનોમાં ગૂંચવાયેલું છે, કપટપૂર્ણ વિચારોથી ઘેરાયેલું છે, તો આવી ભક્તિ, ભક્તિ નથી ફક્ત દેખાડો છે, પરમાત્મા સામે છળ છે, પોતાની જાત સાથે પણ છળ છે. વાસ્તવમાં તો જરૂર છે મનને સંસાર તરફથી દૂર કરીને પરમ તત્ત્વની તરફ લગાડવાની. મહામતિની વાણીમાં તો નિર્મળ મનથી ભક્તિ કરવાવાળા ચંડાળને કર્મકાંડનો દેખાડો કરનાર ભક્તિ કરવાવાળા બ્રાહ્મણથી શ્રેષ્ઠ કહ્યો છે.

**ચંડાલ હિરદે નિરમલ, ખેલે સંગ ભગવાન ।**
**દેખાવે નહીં કાહૂ કો, ગોપ રાખે નામ ।।**
**વિપ્ર ભેષ બાહેર દષ્ટિ, ખટ કરમ પાલે વેદ ।**
**સ્યામ બિન સુપને નહીં, જાને નહીં બ્રહ્મ ભેદ ।।**

**(કલશહિં.પ્ર.૧૬/૧૬,૧૮)**

પવિત્રતા, શુદ્ધિ કે નિર્મળતા ધર્મના મુખ્ય અંગો છે. પવિત્રતા બે સ્તરે હોય છે. આંતરિક અને બાહ્ય. બાહ્ય પવિત્રતા શરીરથી અને આંતરિક પવિત્રતા મન અને અંતઃકરણની શુદ્ધિ સાથે સંબંધિત છે. આ પૂર્ણ સત્ય છે કે અંતઃકરણનની શુદ્ધિ વગર પરબ્રહ્મને પ્રાપ્ત કરી શકાય નહીં પરંતુ એનો અર્થ એવો નથી થતો કે બાહ્ય શુદ્ધિની અવગણના કરાય. જો શરીર, વસ્ત્ર અને નિવાસસ્થાનને પવિત્ર કે શુદ્ધ ન કરવામાં આવે તો મન સ્વભાવિક રૂપથી ચંચળ જ રહેશે. આવી સ્થિતિમાં ન તો ધ્યાન લગાવી શકાય અને ન તો ભક્તિ કરી શકાય પરંતુ બાહ્ય શુદ્ધિને સૌથી શ્રેષ્ઠ માની લેવાની જરૂર નથી. એનાથી કેવળ કર્મકાંડ અને અસ્પૃશ્યતાને ઉત્તેજન મળે છે. જેમ જળથી શરીર પવિત્ર થાય છે, વિદ્યા અને તપથી જીભ શુદ્ધ થાય છે, જ્ઞાનથી બુદ્ધિ શુદ્ધ થાય છે, એવી જ રીતે સત્યનું પાલન કરવાથી મન શુદ્ધ થાય છે, નિર્મલ થાય છે. એટલા માટે બહારની પવિત્રતા કરતાં અંદરની પવિત્રતા અધિક મહત્ત્વપૂર્ણ છે. મહામતિ શ્રી પ્રાણનાથજીની અલૌકિક વાણીના પ્રકાશમાં જો વિચાર કરીએ કે આંતરિક પવિત્રતા કેમ થાય ? તો સિનગાર ગ્રન્થની આ ચોપાઈથી સ્પષ્ટ ઉત્તર મળે છે.

**પાક ન હોઈએ ઈન પાનિએ, ચાહિએ અરસ કા જલ ।**
**નહાઈએ હક કે જમાલ મેં, તબ હોઈએ નિરમલ ।।**

**સિનગાર ૨૫/૪૪**

પાંચ તત્ત્વોમાં મુખ્ય જળ તત્ત્વથી કેવળ બાહ્ય શુદ્ધિ થાય છે આંતરિક શુદ્ધિ માટે તો અર્શના જળની જરૂરત હોય છે **'અર્શના જળ'** નો સંબંધ પૂર્ણબ્રહ્મ પરમાત્મા ધામધની શ્રી અક્ષરાતીતના નૂરમયી પરમધામના નૂરરૂપી જળના તરંગોથી છે. આ તંરગોથી અંતઃકરણમાં શુદ્ધ પ્રકાશ વ્યાપ્ત થઈ જાય છે અર્થાત્ જ્યાં સુધી જીવને અખંડ તત્ત્વનું જ્ઞાન નહિ થાય ત્યાં સુધી મન અજ્ઞાનના અંધકારમાં ભટકતું રહે અને જૂઠા કર્મકાંડમાં ફસાઈ પોતે શુદ્ધ હોવાનો ભ્રમ પોષે છે પરંતુ વાસ્તવિક શુદ્ધિ તો બ્રહ્મજ્ઞાનના પ્રકાશના ઉજ્જવળ કિરણોથી જ થાય છે.

મનની નિર્મળતા માટે સૌથી મહત્ત્વપૂર્ણ છે સાત્વિક આહાર. સાત્વિક

આહારથી મન, ચિત્ત અને બુદ્ધિ પણ નિર્મળ થઈ જાય છે. મન બધી ઇંદ્રિયોનો રાજા છે. મન નિર્મળ થવાથી સમગ્ર ગુણ-અંગ-ઇન્દ્રિયોના વિકારો સ્વયં દૂર થઈ જાય છે અને હૃદય નિર્મળ થઈ જાય છે. ત્યારે આ નિર્મળ હૃદય પ્રાણ પ્રિયતમના પ્રેમનું પાત્ર બની જાય છે. મહામતિજી કહે છે કે છલ-પ્રપંચ યુક્ત સંસારમાં હૃદયને નિર્મળ કરવું એક પરીક્ષા સમાન છે.

**કહે મહામત પરખ્યા તિનકી, જો પેહેલે હુએ નિરમલ ।**
**છૂટે વિકાર સબ અંગ કે, આએ પોહેંચે ઈસક અવ્વલ ।।**

**(કિરંતન૯૨/૧૬)**

અક્ષરાતીત શ્રી રાજજીનો પ્રેમ પામવા માટે દરેક રીતે નિર્મળ થવું અતિ આવશ્યક છે. આપણે આ સંસારમાં સુંદરસાથ તથા સમસ્ત જગતનો પ્રેમ નિષ્કપટ, નિશ્ચલ તથા નિર્મલ મનથી જ મેળવી શકીએ છીએ. મન, વાણી તથા કર્મથી નિર્મળ થઈને જ બ્રહ્માત્મા કહેવડાવી શકીએ. મહામતિની વાણી પણ કહે છે કે બ્રહ્માત્મા જેને સોહાગણ નારી કહી છે તેમનું હૃદય સ્ફટિકમણિ જેવું નિર્મળ તથા પારદર્શી હોય છે. બ્રહ્માત્માઓ વેશ-ભૂષા, આચાર-વિચારથી પણ નિર્મળ હોય છે અને આહાર પણ સાત્વિક જ લે છે. આવા પવિત્ર આત્માઓ ક્યારેય કોઈનું દિલ દુભવતા નથી. મન, વાણી અને કર્મથી પણ કોઈને દુઃખ પહોંચાડતા નથી.

**રેહેવે નિરગુણ હોએ કે, આહાર ભી નિરગુન ।**
**સાફ દિલ સોહાગની, કબહૂં ન દુખાવે કિન ।।**

**(કલશહિ. ૧૧/૬)**

મહામતિની વાણી શ્રી તારતમ સાગરના સનંધ ગ્રંથમાં ઈન્દ્રાવતીજીએ કહ્યું છે, જ્યાં સુધી હૃદયમાં પૂર્ણબ્રહ્મ પરમાત્મા પ્રાણપ્રિયતમ શ્રી રાજજીનો વિરહભાવ નહિ થાય ત્યાં સુધી મનમાં વ્યાપ્ત કામ, ક્રોધ, અહંકાર રૂપી રોગ સમાપ્ત થતો નથી અને નિર્મળતા આવતી નથી અર્થાત્ મનને પવિત્ર કરવા માટે વિરહ ભાવ ઉત્પન્ન થવો જરૂરી છે,

**વિકાર સારે અંગ કે, કામ ક્રોધ દિમાક ।**
**સો બિના વિરહા ના જલે, હોએ નહીં દિલ પાક ।।**

**(સનંધ ૨૭/૧૩)**

આંતરિક નિર્મળતાનો એક બીજો સહજ ઉપાય એ પણ છે કે પ્રત્યેક ક્ષણે આપણા પ્રિયતમ શ્રી રાજજીના સુંદર સ્વરૂપ શોભા તથા શણગારને હૃદયમાં વસાવી

લો. આત્માને પરમધામના પચીસ પક્ષોની ચિતવનીમાં લગાવીએ તો સહેજે મન નિર્મળ થઈ જશે અને હૃદયમાં ધામધણી બિરાજમાન થશે. જેમકે મહામતિ કહી રહ્યા છે,

**નિસદિન ગ્રહિએ પ્રેમસોં, જુગલ સરૂપ કે ચરન ।**
**નિરમલ હોના યાહીસોં, ઔર ધામ વરનન ।।**

**(કિરંતન ૧૦૬/૨)**

આમ એ સ્પષ્ટ રૂપે કહી શકાય કે બાહ્ય નિર્મળતાની અપેક્ષાએ આંતરિક નિર્મળતા અધિક મહત્ત્વપૂર્ણ છે. જેટલું ધ્યાન આપણે બાહ્ય શુદ્ધિ પર આપીએ છીએ એટલું જો આંતરિક શુદ્ધિ અર્થાત્ મનની નિર્મળતા પર આપીએ તો પ્રાણ પ્રિયતમ શ્રી રાજ શ્યામાજી પળભર માટે પણ આપણાથી દૂર નહીં થાય.

**જૈસા બાહેર હોત હૈ, જો હોએ ઐસા દિલ ।**
**તો અધખિન પિઉ ન્યારા નહીં, માહેં રહે હિલ મિલ ।।**

**(કિરંતન ૧૩૨/૪)**

---

**(પૃષ્ઠ ૧૯ થી આગળ.....)**

**નામ અને રૂપ ભલે જુજવા રે લોલ, એ તો છે એકનોય એક જો,**
**'મંગલ' એ એકમાં અનેક છે રે લોલ, અન્તે અનેકમાંથી એક જ.**

**એને જોવા..૧૪**

એ આત્મદેવના નામો અને સ્વરૂપો ભલે જુદા જુદા દેખાતાં હોય પરંતુ એ તો એક અદ્વિતીય સ્વરૂપ છે. એ એકમાં અનેક છે પરન્તુ આખરે તો એ અનેકમાંથી એક જ બની જાય છે, બસ એની સાક્ષી જ સાચી સાક્ષી છે.

આવા વિચારો કરતાં કરતાં વિદ્યાવતીને ઘડી ભર નિદ્રા આવી ગઈ જ્યારે એની આંખો ખુલ્લી ત્યારે બ્રહ્મમુહૂર્ત થવા આવ્યું હતું. ચમકતા તારલાઓ એક પછી એક ક્ષિતિજમાં જાણે સમાઈ જવા લાગ્યા હતા. પક્ષીઓનો કલરવ સંભળાઈ રહ્યો હતો.

જાગીને દેહકૃત્યોથી પરવારીને એ ઘરકામ કરવા લાગી. જો કે શ્યામનાં દર્શન માટે એનું મન તલસી રહ્યું હતું.

પ્રેમી પાઠકો ! વિદ્યાવતીને શ્રી બાલકૃષ્ણ સાથે પ્રથમ દર્શને પ્રેમ થયો અને એ પ્રેમ બહુ જલદીથી પુષ્પિત અને ફલિત બન્યો. એ કથા જાણવા માટે આવતું પ્રકરણ જોવાનું રહેશે. પ્રણામ. **(ક્રમશઃ.......)**

# શ્રી પ્રાણનાથજી પ્રાકટ્ય મહોત્સવ ૨૦૧૧

## શ્રી તારતમ સાગરના

## પંચ દિવસીય ૧૦૮ પારાયણ

સમગ્ર સુંદરસાથજીને જણાવતાં અપાર હર્ષનો અનુભવ થઈ રહ્યો છે કે પ્રતિવર્ષાનુસાર આ વર્ષે પણ શ્રી કૃષ્ણ પ્રણામી ધર્મની આચાર્યપીઠ શ્રી ૫ નવતનપુરી ધામમાં **શ્રી પ્રાણનાથજી પ્રાગટ્ય મહોત્સવ તારીખ ૨૬ સપ્ટેમ્બર થી ૦૧ ઓક્ટોબર ૨૦૧૧** સુધી ખૂબ જ હર્ષોલ્લાસની સાથે ધામધૂમથી મનાવવામાં આવશે. આ પાવન અવસર પર **શ્રી તારતમ સાગરના ૧૦૮ પારાયણ**નું વિશાળ આયોજન કરવામાં આવ્યું છે. સાથોસાથ **વાણી-ચર્ચા, પ્રવચન, ભજન-કીર્તન, રાસ-ગરબા** વગેરેનો પણ કાર્યક્રમ રહેશે. **આપ સૌને સાદર અનુરોધ છે કે આ પાવન પર્વ પર ઉપસ્થિત રહી દર્શન, પાઠ, સત્સંગ, પ્રવચન તથા સાંસ્કૃતિક કાર્યક્રમનો અચૂક લાભ લેજો.**

### : કાર્યક્રમ :

| | |
|---|---|
| **પ્રાગટ્ય આરતી અને ધ્વજા રોહણ** | **: તા. ૨૬-૦૯-૧૧ સવારે ૧૦.૦૦ કલાકે** |
| **શોભાયાત્રા** | **: તા. ૨૬-૦૯-૧૧ સાંજે ૦૪.૦૦ કલાકે** |
| **પારાયણ શુભારંભ** | **: તા. ૨૭-૦૯-૧૧ પ્રાતઃ ૦૮.૦૦ કલાકે** |
| **પારાયણની પૂર્ણાહુતિ** | **: તા. ૦૧-૧૦-૧૧ પ્રાતઃ ૦૮.૦૦ કલાકે** |
| **છઠ્ઠી મહોત્સવ** | **: તા. ૦૧-૧૦-૧૧ પ્રાતઃ ૦૯.૩૦ કલાકે** |

**નોંધ : પારાયણ વાંચનારના નામો દરેક ગામ દીઠ યાદી કરી ૨૦-૯-૧૧ સુધીમાં મળી જાય તે પ્રમાણે મોકલી આપવા વિનંતી.**

**- સંતસભા**

# શ્રદ્ધાંજલિ

શ્રી કૃષ્ણ પ્રણામી મૂલ મિલાવા માનવ મંદિર તથા શ્રી પ્રાણનાથ હોસ્પિટલ સુરતના કર્મયોગી **સંતશ્રી સ્વામી તારતમ જ્યોતિજી મહારાજનું** તા. ૦૪-૦૮-૨૦૧૧ ને ગુરુવારના રોજ ધામગમન થયું છે.

તારીખ ૦૬-૦૮-૨૦૧૧ ને શનિવારના રોજ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત સુંદરસાથજી તથા સંતો, વિદ્વાનોની હાજરીમાં તેઓશ્રીના પાર્થિવ શરીરને શ્રી પ્રાણનાથ હોસ્પિટલના પરિસરમાં સમાધિ આપવામાં આવી.

આ દુઃખદ સમાચાર મળતાં જ શ્રી ૫ નવતનપુરી ધામના આચાર્ય શ્રી ૧૦૮ કૃષ્ણમણિજી મહારાજ તથા ટ્રસ્ટીઓ શ્રી નવીનભાઈ પરીખ, શ્રી મનસુખભાઈ સંઘાણી સુરત ખાતે પહોંચી ગયા. અનેક સુંદરસાથજીએ શ્રી તારતમ જ્યોતિજી મહારાજના પાર્થિવ દેહ પર શ્રદ્ધા સુમન અર્પણ કર્યા.

શ્રી ૫ નવતનપુરી ધામમાં રાત્રે ૯.૦૦ કલાકે સંતમંડળ, વિદ્યાર્થીવર્ગ તથા વિશાળ સુંદરસાથજીની હાજરીમાં શોકસભાનું આયોજન કરી, પાંચવાર તારતમ મંત્રનો જપ તથા બે મિનિટનું મૌન પાળી દિવંગત આત્માને હૃદયાંજલિ અર્પણ કરવામાં આવી.

એઓશ્રીના ધામગમનથી ફક્ત સુરતના સુંદરસાથજીને જ નહીં પણ સમગ્ર પ્રણામી આલમમાં એક કર્મનિષ્ઠ સંતની ખોટ પડી છે. શ્રી રાજશ્યામાજી તેમના નિર્મળ આત્માને નિજચરણોમાં સ્થાન આપી શાશ્વત મુક્તિ પ્રદાન કરે એજ અભ્યર્થના

**-સંતસભા**

# શ્રી કૃષ્ણ પ્રણામી ધર્મ પત્રિકાની સાહિત્ય સેવા

**સાબરકાંઠા :** ધર્મજ્ઞા દર્શનાબેન અરવિંદભાઈ પટેલ શ્રી ૫ નવતનપુરી ધામના દર્શનાર્થે આવ્યાની ખુશાલી પ્રસંગે સાહિત્ય સેવામાં રૂા. ૧૦૦૧/ ભેટ. આપના સમગ્ર પરિવાર પર શ્રી રાજજીની સદા મહેર રહે એવી શુભકામના.

**રાજકોટ :** ધર્મજ્ઞ ચિ. મિહિર અશ્વિનભાઈ ડોબરિયાના બાલ મોવારા ઉતરાવી દર્શન કરાવ્યા તથા સમગ્ર પરિવાર શ્રી ૫ નવતનપુરી ધામના દર્શનાર્થે આવ્યાની ખુશાલી પ્રસંગે ભેટ.ડોબરિયા પરિવાર પર શ્રીજીની મહેર રહે એવી શુભકામના. સાહિત્ય સેવામાં રૂા. ૧૧૦૧/ ભેટ મળ્યા છે.

**ઉજડા :** ધર્મજ્ઞશ્રી હેમતભાઈ રાવજીભાઈ તાડા તરફથી નવા મકાનના ખાત મૂર્હુત પ્રસંગે રૂા. ૧૪૦૦/ ભેટ મળી છે. નવું નિવાસ સ્થાન આપને લાભપ્રદ નિવડે એવી શુભકામના.

## રૂા. ૫૦૧/

**તણસવા :** શ્રી કૃષ્ણ પ્રણામી મંદિરના પૂજારી શ્રી વેણીશંકર મૂળજી વ્યાસની પાવન સ્મૃતિમાં પાંચમના ઓચ્છવ(તા. ૨૦-૭-૨૦૧૧) પ્રસંગે સત્સંગ તેમજ તણસવા ગામના સમસ્ત સુંદરસાથજી માટે ભોજન-પ્રસાદનું આયોજન વ્યાસ પરિવાર તરફથી કરવામાં આવ્યું હતું. વિશેષમાં આ આનંદના અવસરે સ્થાનિક સુંદરસાથે **શ્રી કૃષ્ણ પ્રણામી સત્સંગ હોલ** ના નિર્માણ કાર્ય અંગે જાહેરાત કરી હતી.

**હિંમતનગર :** ધર્મજ્ઞાશ્રી લક્ષ્મીબેન જશવંતભાઈ પટેલ સપરિવાર શ્રી ૫ નવતનપુરી ધામના દર્શનાર્થે આવ્યાની ખુશી પ્રસંગે ભેટ મળી છે. ધન્યવાદ.

**હર્ષદપુર :** શ્રી દામજીભાઈ ધરમશીભાઈ ચોવટિયાના સુપુત્ર પરેશભાઈના શુભલગ્ન પ્રસંગની ખુશાલી અર્થે ભેટ મળી છે. નવદંપતિને હાર્દિક શુભકામના.

શ્રી જયંતભાઈ રાઠોડ તરફથી પત્રિકાની સેવામાં શુભેચ્છા ભેટ મળી છે. ધન્યવાદ.

**કાલાવડ :** સુંદરસાથજીએ વીતક કથાનું સુંદર આયોજન કરી, સારી રીતે કથા શ્રવણનો લાભ લીધો. વીતક સાહેબની ચર્ચા અંજાર(કચ્છ) નિવાસી સુશ્રી શિલ્પાબેને સ-રસ રીતે કરી કથાનું રસપાન કરાવ્યું હતું. આ પ્રસંગે સમસ્ત સુંદરસાથ તરફથી ભેટ મળી છે.

**રાજકોટ :** સુશ્રી નિલાંગી સભાયા ધોરણ ૧૦ માં ૮૫ ટકા ગુણ મેળવી ઉત્તીર્ણ થયાની ખુશાલી પ્રસંગે ચેતનાબેન રાસબિહારી સભાયા તરફથી ભેટ મળી છે. અભિનંદન.

**રામપર :** શ્રી મિલનકુમાર પ્રવીણભાઈ કમાણી તથા ઉર્વશી બેન કમાણીને ત્યાં તા. ૧-૭-૨૦૧૧ ના રોજ પુત્રરત્ન ચિ. ક્રિશિવનો જન્મ થયાની ખુશાલી પ્રસંગે ભેટ. અભિનંદન.

**શામપુર :** શ્રી અવિચલભાઈ નરસિંહભાઈ ગજેરા સપરિવાર શ્રી ૫ નવતનપુરી ધામના દર્શનાર્થે આવ્યાની ખુશાલી પ્રસંગે ભેટ.

**નાલા સોપારા(મુંબઈ) :** શ્રી અનિલ એમ. રાજપૂત તથા મીનાબેન રાજપૂત તરફથી તેમની ભાણેજ અશ્વિનીબેન મહેશભાઈ ચૌહાણની પાવન સ્મૃતિમાં પ્રથમ પુણ્યતિથિ (૨૭-૭-૨૦૧૧) પ્રસંગે ભેટ મળી છે.

## રૂા. ૨૫૧/

**ચિખલોદરા :** ભેટારિયા માલદેભાઈ ભીમશીભાઈ તરફથી પત્રિકાની સેવામાં શુભેચ્છા ભેટ મળી છે.

**વડોદરા :** શ્રી જસ્મિનભાઈ આર. કાપડિયા તરફથી પત્રિકાની સેવામાં શુભેચ્છા ભેટ મળી છે.

**રાજકોટ :** સુશ્રી રિશિતાબેન મુકેશભાઈ ઠુંમર ધોરણ ૧૨ માં સારા ગુણથી પાસ થયાંની ખુશી પ્રસંગે ભેટ. અભિનંદન.

**પીપળાતા :** જયુભા પ્રવીણસિંહ પરમારને શાળામાં દાખલ કર્યા તે પ્રસંગે ભેટ મળી છે.

**કાલાવડ :** શ્રી છગનભાઈ ભાદાભાઈ કમાણી તરફથી પત્રિકાની સેવામાં શુભેચ્છા ભેટ મળી છે.

**રાજકોટ :** શ્રી બાબુભાઈ ભૂરાભાઈ તરફથી સાહિત્ય સેવામાં શુભેચ્છા ભેટ મળેલ છે.

**સુરત :** શ્રી અનિલભાઈ રાઠોડ તરફથી સાહિત્ય સેવામાં શુભેચ્છા ભેટ મળેલ છે.

**ડુંગરી :** પરમધામવાસી ઉર્વશીબેન કમલેશભાઈ પંડયાના સ્મરણાર્થે ભેટ મળી છે. હ. કમલેશભાઈ પંડ્યા પ્રાચી.

**દેવપર(કચ્છ) :** શ્રી કેશવલાલ પરબતભાઈ રૂડાણી શ્રી ૫ નવતનપુરી ધામના સપરિવાર દર્શનાર્થે આવી મંદિરમાં પાકી રસોઈ આપી તથા ગોટાપારાયણ કરાવી તે પ્રસંગે ભેટ મળી છે.

**અમરેલી :** શ્રી રાકેશભાઈ રમેશભાઈ સાવલિયાએ વેગનઆર કાર ખરીદ કર્યાની ખુશાલી પ્રસંગે ભેટ.

**પોરબંદર :** શ્રી કૃષ્ણ પ્રણામી મંદિરમાં વીતકકથા સારી રીતે સંપન્ન થયાની ખુશી પ્રસંગે ભેટ.

## રૂા. ૨૦૧/

**રાજકોટ :** શ્રી ઓધવજીભાઈ નરસીભાઈ ચોવટીયા શ્રી ૫ નવતનપુરી ધામના દર્શનાર્થે આવ્યાની ખુશી પ્રસંગે ભેટ.

**સાબરકાંઠા :** પંડ્યા જયેશભાઈ રેવાભાઈ તરફથી પુત્રરત્ન પ્રાપ્તિની ખુશાલી પ્રસંગે ભેટ. અભિનંદન.

**મુંબઈ :** શ્રી નવીનચન્દ્ર હરિલાલ શાહના પુત્ર હિતેષ તથા પૌત્ર જય દર્શનાર્થે આવ્યાની ખુશી પ્રસંગે ભેટ.

**બેંગલુર :** શ્રી તુલસીદાસભાઈ પટેલ તરફથી સાહિત્ય સેવામાં શુભેચ્છા ભેટ મળી છે.

**રાજેન્દ્રનગર :** વણકર હરિભાઈ કોદરભાઈ તરફથી સાહિત્ય સેવામાં શુભેચ્છા ભેટ મળી છે.

**વલસાડ :** શ્રી જિતેન્દ્રકુમાર બાબુલાલ ભાવસાર શ્રી ૫ નવતનપુરી ધામના દર્શનાર્થે આવ્યાની ખુશી પ્રસંગે ભેટ.

**રાણાકંડોરણા :** જયંતીભાઈ બાબુભાઈ વેગડા તરફથી ધામવાસી બાબુભાઈ

કરસનભાઈ વેગડાની પાવન સ્મૃતિમાં પારાયણ કરાવી તે નિમિત્તે પત્રિકાની સેવામાં ભેટ.

**કાલાવડ :** શ્રી રમેશભાઈ રવજીભાઈ તરફથી શુભેચ્છા ભેટ મળી છે.

**રાજકોટ :** શ્રી રાજેશભાઈ સંઘાણી તરફથી શુભેચ્છા ભેટ મળેલ છે.

**ગારિયાધાર :** શ્રી દેવરાજભાઈ હરદાસભાઈ ગુંદરણીયાના પૌત્ર ચિ. ધ્રુવકુમાર ધોરણ ૧૦ માં ૮૧ ટકા મેળવીને તથા હર્સિલકુમાર ધોરણ ૧૧ માં ૯૨ ટકા તેમજ સાગરકુમાર બી. ફાર્મમાં ૮૧ ટકા ગુણ મેળવી ઉત્તીર્ણ થયાની ખુશી પ્રસંગે ભેટ. બધાને અભિનંદન.

**ઈડર :** ધામવાસી પંડયા રમણભાઈ પ્રહ્લાદભાઈના પુત્ર રાકેશકુમારને ત્યાં પુત્રરત્નની પ્રાપ્તિ થયાની ખુશી પ્રસંગે ભેટ. અભિનંદન. હ. અમૃતલાલ રમણભાઈ પંડયા.

**ખેતરાજપુર(ઓરિસ્સા) :** શ્રી ભૂપેશભાઈ સી. વાઢેર તરફથી શુભેચ્છા ભેટ મળી છે.

**પટના :** શ્રી અમૃતલાલ શંકરલાલ શ્રીમાળી તરફથી શુભેચ્છા ભેટ મળી છે.

## રૂા. ૧૫૧/

**ચિખલોદરા :** શ્રી પરબતભાઈ ભાયાભાઈએ વાડીમાં બોર કરાવતાં શ્રીજીની મહેરથી સારું પાણી આવ્યાની ખુશી પ્રસંગે ભેટ.

**ચિખલોદરા :** શ્રી દેવાયતભાઈ નંદાણીયા તરફથી તેઓએ ઈન્ડિકા ગાડી ખરીદ કર્યાની ખુશી પ્રસંગે ભેટ.

**જામજોધપુર :** શ્રી નટવરલાલ ઓધવજીભાઈ પુરોહિત શ્રી ૫ નવતનપુરી ધામના દર્શનાર્થે આવ્યાની ખુશી પ્રસંગે ભેટ.

**ધ્રાફા(જામનગર) :** જાડેજા હરદેવસિંહ નવલસિંહના સુપુત્ર ચિ. મયૂરસિંહ ધોરણ ૧૦ માં ૬૦ ટકા ગુણ મેળવીને પાસ થયાની ખુશી પ્રસંગે ભેટ. અભિનંદન.

**પોરબંદર :** શ્રી ગોપાલભાઈ હરજીભાઈ પુરોહિત સપરિવાર ગુરુપૂર્ણિમાના પ્રસંગે દર્શનાર્થે આવ્યા તથા સુશ્રી રમાબેન રમેશભાઈ જોશીની સાકરતુલા કરાવી તેમજ ગૌશાળામાં ૧૧૦૦/ ઘાસની સેવા કરી તે પ્રસંગે ભેટ.

**દ્વારકા :** ચિ. શ્યામ મનોજભાઈ વાઢેરના જન્મદિનની ખુશાલી પ્રસંગે ભેટ. અભિનંદન. હ. મનોજભાઈ મોહનલાલ.

**ડુંગરી(ઈડર) :** શ્રી ખેમાભાઈ ગુલાબભાઈ પંડયા ગુરુપૂર્ણિમાના પાવન પ્રસંગે દર્શનાર્થે આવ્યાની ખુશી પ્રસંગે ભેટ.

**ઈડર :** રાવલ સંદીપકુમાર ધોરણ ૧૦ માં ઉત્તીર્ણ થયા તથા ગુરુપૂર્ણિમાના પાવન પ્રસંગે દર્શનાર્થે આવ્યાની ખુશી પ્રસંગે ભેટ.

**તણસવા :** રાજાભાઈ અરસીભાઈ તથા શ્રીમતી જાદરબેન ભીંભા તરફથી તેઓએ લોટી ઓચ્છવ કરી સુંદરસાથજીને ભોજન પ્રસાદ કરાવી, ગુરુ ભેટ કરી તથા ગાયોના ઘાસ ચારા માટે સેવા કરી તે પ્રસંગે ભેટ મળી છે.

**રાજકોટ :** ચિ. નીલ તથા ચિ. નેહાના બાલમોવાળા ઉતરાવ્યા તે પ્રસંગે શ્રી પંકજભાઈ મુલચંદભાઈ જોબન પુત્રા તરફથી શુભેચ્છા ભેટ મળેલ છે.

**ગોધરા :** શ્રી દિલીપભાઈ ખડાયતાની

પુત્રી મયૂરીકાબેને ધોરણ ૧૨(સાયન્સ) માં ૮૦ ટકા ગુણ મેળવ્યા તથા જામનગર મુકામે ફિઝિયોથેરાપી કોલેજમાં પ્રવેશ મળ્યો એ પ્રસંગે ભેટ.

**ઉજળા :** શ્રી વ્રજલાલ મેઘજીભાઈ તાડા શ્રી ૫ નવતનપુરી ધામના દર્શનાર્થે આવ્યાની ખુશી પ્રસંગે ભેટ.

**દેવરિયા :** દામજીભાઈ નથુભાઈ શ્રી ૫ નવતનપુરી ધામના દર્શનાર્થે આવ્યાની ખુશી પ્રસંગે ભેટ.

**ખરસાલિયા :** કાકુભાઈ બેંકર ગુરુ પૂર્ણિમા પ્રસંગે દર્શન કરવા આવ્યાની ખુશી પ્રસંગે ભેટ.

**શ્રી ૫ નવતનપુરી ધામ :** ચિ. દર્શન સનતકુમાર ધીમાલે તા. ૧૧-૮-૨૦૧૧ ના રોજ બે વરસ પૂર્ણ કર્યા તેની ખુશી પ્રસંગે પત્રિકાની સાહિત્ય સેવામાં ભેટ.

# રૂા. ૧૦૦/

૧)શ્રી કીશન રમેશભાઈ ભુવા-**રાજકોટ.** ૨)શ્રી પ્રિતેષભાઈ પ્રફુલ્લભાઈ વાઘેલા-**મહુધા.** ૩)શ્રી રમણિકભાઈ ગોકળભાઈ બુમતારિયા-**નાની વાવડી.** ૪) શ્રીમતી ક્રીયાના કલ્પેશકુમાર પટેલ-**સલાલ.** ૫)શ્રી હિતેષભાઈ ભેડા-**જુનાગઢ.** ૬)શ્રી રિતેષભાઈ જાદવભાઈ ચૌહાણ-**અંજાર(કચ્છ).** ૭) શ્રી રામભાઈ વાઘાભાઈ બાપોદરા-**માલ.** ૮) શ્રી છગનભાઈ લખમણભાઈ રાદડિયા-**મેવાસા.** ૯) શ્રી અમિતકુમાર સરમણભાઈ ભેટારિયા-**ચિખલોદરા.** ૧૦)શ્રી અરવિંદભાઈ નાથાભાઈ-**ઈડર.** ૧૧)શ્રી રસિકભાઈ ભાઈલાલભાઈ રૂપારેલિયા-**રાજકોટ.**

***ઉપરોક્ત સર્વે સુંદરસાથજીના ઉપર શ્રી રાજશ્યામાજીની સદા મહેર રહે અને તેઓની સર્વાંગી પ્રગતિ સાથે ધાર્મિક ભાવનામાં અભિવૃદ્ધિ થતી રહે એવા શ્રી ૫ નવતનપુરી ધામના શુભાશિષ***

---

# સૂચના

વાર્ષિક લવાજમ ભરેલા સુંદરસાથજીને ખાસ જણાવવાનું છે કે, જો આપનું સરનામું **"Renew"** થી શરૂ થતું હોય તો ત્રણ માસની અંદર લવાજમ આપના ગામના **પિનકોડ નંબર**(પોતાના પિનકોડની ખબર ન હોય તો પોષ્ટ ઓફિસમાં જઈને પૂછપરછ કરી લેશો) અને **ગ્રાહક નંબર** સાથે શ્રી ૫ નવતનપુરી ધામની ઓફિસમાં મોકલી આપવા વિનંતિ. પત્રિકા અંગે કોઈ પણ પૂછપરછ માટે ગ્રાહક નંબર **(PGY, PGL, PHY, PHL, PFL)** સાથે આપવા વિનંતી.

***સંપર્ક - કુણાલ વ્યાસ મો. ૯૯૭૯૮૫૬૨૨૮, ૯૩૭૪૧૨૨૨૨૮***

# ધામગમન

**અમદાવાદ :** શ્રી કૃષ્ણ પ્રણામી મંદિર, શ્રી પ્રાણનાથ સેવાશ્રમ ઉત્કંઠેશ્વરના મહંતશ્રી જસરાજ મહારાજનું ધામગમન તા. ૨૬-૬-૨૦૧૧ રવિવારના રોજ થયેલ છે. તે નિમિત્તે સાપ્તાહિક પારાયણ કરી, ભંડારો રાખી અને શ્રી ૫ નવતનપુરી ધામમાં પાકી રસોઈ આપી તે નિમિત્તે સાહિત્ય સેવામાં રૂા. ૧૧૦૦/ ભેટ મળી છે. હઃ ભદ્રેશભાઈ શાહ.

**કાલાવડ :** સંતોકબેન નાનજીભાઈ પાંભરનું તા. ૨૮-૬-૧૧ ના રોજ ધામગમન થયેલ છે. તેમના આત્મ કલ્યાણાર્થે ગોટા પારાયણ કરી તેમજ શ્રી રાજન શાસ્ત્રી તથા નારાયણ શાસ્ત્રી દ્વારા સત્સંગનો ધર્મલાભ લીધો તે નિમિત્તે સાહિત્ય સેવામાં રૂા. ૫૦૧/ ભેટ મળેલ છે. હ. શાંતાબેન હરિભાઈ પાંભર.

**લતીપર :** શ્રી બચુભાઈ વેલજીભાઈ સાવલિયાના માતુશ્રી સંતોકબેનનું ધામગમન તા. ૧૭-૭-૨૦૧૧ ના રોજ થયેલ છે. તેમના આત્મ કલ્યાણાર્થે સાહિત્ય સેવામાં રૂા. ૫૦૧/ ભેટ મળી છે.

**ભૂજ(કચ્છ) :** શ્રી ભગવાનજીભાઈ તુલસીદાસ અનમના માતુશ્રી સાકરબેન તુલસીદાસ અનમનું ભૂજ મુકામે તારીખ ૨૧-૭-૨૦૧૧ ના રોજ ધામગમન થયેલ છે. તેમના આત્મ કલ્યાણાર્થે શ્રી ૫ નવતનપુરી ધામમાં પાકી રસોઈ આપી તે નિમિત્તે સાહિત્ય સેવામાં રૂા. ૫૦૦/ ભેટ મળી છે.

**નાની વાવડી :** અશ્વિનકુમાર વલ્લભભાઈ બુમતારિયાનું તા. ૨૪-૫-૧૧ ના રોજ ધામગમન થયેલ છે. તેમના આત્મ કલ્યાણાર્થે માળા પેરામણી કરી, પત્રિકાની સેવામાં રૂા. ૩૦૧/ ભેટ મળી છે.

**જામનગર :** ધર્મજ્ઞા શ્રી પ્રભાબેન ભગવાનજીભાઈ ચોવટિયાના માતુશ્રી સંતોકબેન વેલજીભાઈ સાવલિયાનું તા. ૧૭-૭-૨૦૧૧ ના રોજ ધામગમન થયું છે. તેમના આત્મ કલ્યાણાર્થે રૂા. ૧૫૧/ પત્રિકાની સેવામાં મળ્યા છે.

**અરેરા :** મનુભાઈ ચુનિભાઈ પટેલનું તા. ૪-૫-૨૦૧૧ ના રોજ ધામગમન થયેલ છે. તેમના આત્મ કલ્યાણાર્થે રૂા. ૧૦૧/ પત્રિકાની સેવામાં મળ્યા છે.

**જામનગર :** શ્રી બાબુભાઈ ભંડેરી(પુસ્તકાલયવાળા) તથા ગિરધરભાઈ ભંડેરી (મોટી માટલી)ના પિતાશ્રી જાદવભાઈ ટીડાભાઈ ભંડેરીનું તા. ૧૫-૭-૨૦૧૧ ના રોજ ધામગમન થયેલ છે. તેમના આત્મ કલ્યાણાર્થે પત્રિકાની સેવામાં રૂા. ૨૫૧/ ભેટ મળી છે.

***ઉપરોક્ત ગતાત્માને શ્રી રાજજી પોતાના નિજચરણોમાં સ્થાન આપી શાશ્વત મુક્તિ પ્રદાન કરે તથા તેમના પરિવારજનોને તેઓનું વિરહજન્ય દુઃખ સહન કરવાની શક્તિ અર્પે એજ અભ્યર્થના.***

# ગૌશાળાની સેવા

## એક ગાયની સેવા રૂા. ૧૧૦૦૦/ આપનારની યાદી

ધામવાસી કેશવજીભાઈ વીરજીભાઈ સંઘાણી-**જામનગર.**

ધામવાસી નારાયણભાઈ ધરમશીભાઈ-**જામનગર(ભગેડી)**

ધામવાસી નાગજીભાઈ પુંજાભાઈ ભંડેરી-**માંડાસણ**

ધામવાસી જશવંતીબેન નટવરલાલ ભાવસાર-**સેલવાસ(યુ.એસ. એ.)**

ધામવાસી કુમુદબેન અને મણિકલાબેન ગુલાબદાસ પેઈન્ટર-**મુંબઈ.**

ધામવાસી પવિત્રાબાઈ તથા ખેમદાસ ન્યૌપાને-**નેપાલ**

ધર્મજ્ઞા નિર્મલા બંસલ-**ગુહાટી(આસામ)**

ધર્મજ્ઞા શંકુતલા ગુપ્તા-**ગુહાટી(આસામ)**

ધર્મજ્ઞા સપના ગુપ્તા-**ગુહાટી(આસામ)**

## લીલો-સૂકો ઘાસચારો, કપાસિયા, ભૂસો, ખોળ અને લાડુની સેવા

રૂા. ૫૦૦૦/ ધામવાસી કૌશિકભાઈ ચન્દુભાઈ-**રાજકોટ.**

રૂા. ૨૫૦૧/ ધર્મજ્ઞા શાંતાબેન રમણલાલ પટેલ-**હનપુર.**

રૂા. ૫૦૦૧/ પરસોતમભાઈ પ્રેમજીભાઈ-**રાયપુર.**

રૂા. ૫૦૦૦/ મુકેશભાઈ મોમાયાભાઈ પટેલ-**બોરીવલી(મુંબઈ)**

રૂા.૨૫૦૧/કાંતિભાઈ પટેલ-**દેવપર(કચ્છ)**

રૂા. ૭૭૦૦/ ધામવાસી જીવીબેન રામજીભાઈ ભંડેરી-**જામનગર.**

રૂા. ૫૧૦૦/શ્રી રાજશ્યામાજી મહેર કરો-**પરમધામ**

રૂા. ૭૦૦૦/ ધામવાસી નાગજીભાઈ પુંજાભાઈ ભંડેરી-**માંડાસણ.**

હસ્તે : પોલાભાઈ નાગજીભાઈ ભંડેરી.(ખોળની સેવા)

રૂા.૨૬૧૩/ ધર્મજ્ઞા જશુબેન ભાવસાર-**વલસાડ(હાલ. યુ.એસ. એ.)**

રૂા. ૨૫૦૦/ ધર્મજ્ઞા પુષ્પાબેન અગ્રવાલ-**ગુહાટી(આસામ)**

-ધામવાસી વસરામભાઈ પુંજાભાઈ પાદરિયાની પાવન સ્મૃતિમાં ગૌશાળામાં ૬૧ મણ લીલી જુવાર મળેલ છે. હ. નાનજીભાઈ-**રાજકોટ**

- રવજીભાઈ બેચરભાઈ પીરોદિયા તરફથી ગૌશાળામાં ૬૧ મણ લીલી જુવાર મળેલ છે.

***ઉપરોક્ત સર્વે સુંદરસાથજીને ધન્યવાદ. આપ સર્વે પર શ્રી રાજશ્યામાજીની સદા મહેર રહે અને આપની ધાર્મિક ભાવનામાં અભિવૃદ્ધિ થતી રહે એવા શ્રી ૫ નવતનપુરી ધામના શુભાશિષ તેમજ આચાર્ય શ્રી ૧૦૮ કૃષ્ણમણિજી મહારાજ તરફથી હાર્દિક શુભકામના.***

# જુલાઈ મહિનાની પાકી રસોઈની સેવા

| | | |
|---|---|---|
| ૦૧) | શ્રી ગિરધરભાઈ ભવાનભાઈ કાલસરિયા | જામનગર |
| ૦૨) | ધા.વા.શ્રી કૌશિકભાઈ ચંદુભાઈ વેકરીયા | લોધિકા |
| ૦૩) | ધા.વા. શ્રી જશરાજજી મહારાજ | અમદાવાદ |
| ૦૪) | શ્રીમતી અંકિતાબેન દેવશીભાઈ સોલંકી | જૂનાગઢ |
| ૦૫) | શ્રી કરશનભાઈ ભગવાનભાઈ રાખોલીયા | રાતીધાર |
| ૦૬) | શ્રી મગનભાઈ શામજીભાઈ પાનસુરિયા | મોટી મેંગણી |
| ૦૭) | ધા.વા. રસિકલાલ દુર્લભજીભાઈ રાઠોડ | રાજકોટ |
| ૦૮) | શ્રી દામજીભાઈ ધરમશીભાઈ ચોવટિયા | હર્ષદપુર |
| ૦૯) | શ્રી વિપુલભાઈ ગણેશભાઈ મોલિયા | જામનગર |
| ૧૦) | શ્રી મહેન્દ્રભાઈ ભાઈલાલભાઈ દેસાઈ | રાજકોટ |
| ૧૧) | શ્રી જમનભાઈ ગોવિંદભાઈ ભંડેરી | ભરતપુર |
| ૧૨) | શ્રી મોહનભાઈ વિરજીભાઈ સંઘાણી | જામનગર |
| ૧૩) | શ્રી ભરતભાઈ વાલજીભાઈ ઠુંમર | રાજકોટ |
| ૧૪) | ધા.વા. રાજેશકુમાર ચંપકલાલ શાહ | અમદાવાદ |
| ૧૫) | ધા.વા. બાબુભાઈ ગણેશભાઈ ગોહિલ | વાડાધરી |
| ૧૬) | શ્રી કરશનભાઈ જેસરભાઈ ઠુંમર | ગોંડલ |
| ૧૭) | શ્રી હરિશંકર શ્રેષ્ઠ | કાઠમાડૌં(નેપાલ) |
| ૧૮) | શ્રીમતી કાન્તાબેન તુલસીદાસ ઠક્કર | મુંબઈ |
| ૧૯) | ધા.વા. જાદવજીભાઈ પ્રાગજીભાઈ માણેક | મુંબઈ |
| ૨૦) | શ્રી કેશવલાલ પરબતભાઈ રૂડાણી | દેવપર(કચ્છ) |
| ૨૧) | ધા.વા. વસરામભાઈ નાનજીભાઈ ટીલારા | જામનગર |
| ૨૨) | શ્રી પવનકુમાર શ્રીમંગતરામ ગોયલ | હિસાર(હરિયાણા) |
| ૨૩) | શ્રી ઓતમબેન રણછોડભાઈ કમાણી | નવાગઢ(જેતપુર) |
| ૨૪) | ધા.વા. સંતોકબેન વેલજીભાઈ સાવલિયા | લતીપુર |
| ૨૫) | શ્રી મુકેશભાઈ ગોરધનભાઈ મુંગરા | જામનગર |
| ૨૬) | શ્રી રમેશભાઈ ભોવાનભાઈ વાગડિયા | ધાવા(ગીર) |
| ૨૭) | શ્રી પરસોતમભાઈ પ્રેમજીભાઈ વાઢેર | રાયપુર(છ.ગ.) |



स्वामी दयानन्द सरस्वती शताभिषेक समारोहमें प्रासंगिक उद्बोधन करते हुए
एवं स्वामी दयानन्द सरस्वतीजीके साथ परम पूज्य आचार्य महाराजश्री ।



पुन:निर्माणाधीन श्री कृष्ण प्रणामी मन्दिर गणदेवीमें आयोजित
सत्संग समारोहमें आशीर्वाद प्रदान करते हुए परम पूज्य आचार्य महाराजश्री ।



श्री कृष्ण प्रणामी मन्दिर पोरबन्दरमें बीतक कथा प्रसंग पर
उद्बोधन करते हुए परम पूज्य आचार्य महाराजश्री ।



जामनगर स्थित स्मशान भूमिको आदर्श स्मशान भूमि बनानेके लिए
आयोजित कार्यक्रममें अध्यक्षीय उद्बोधन करते हुए परम पूज्य आचार्य महाराजश्री ।

RNI No. GUJ BIL /2006/18311 Registration No. GJN-1 / 2009-2011



शेम्पेन ILL अमेरिकामें आयोजित एकदिवसीय पारायण,
शोभायात्रा एवं सत्संगके विविध दृश्य ।



श्री ५ नवतनपुरी धाममें आयोजित बीतक कथामें आशीर्वाद देते हुए
परम पूज्य आचार्य महाराजश्री, कथाकार श्री प्रकाश शर्मा एवं सन्त सुन्दरसाथजी ।

PRINTED BOOK

TO :

SHRI KRISHNA PRANAMI DHARMA PATRIKA
SHRI 5 NAVTANPURI DHAM , JAMNAGAR - 361 001 (INDIA)